RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 227* Date: 14.06.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રેકોર્ડ ૧૧,૪૫૮ કેસ સાથે ભારતમાં કોરોના કેસ ત્રણ લાખને પાર

# દેશમાં કોરોના 'અનસ્ટોપેબલ': ૨૪ કલાકમાં ૧૧ હજાર કેસો

### ૨૪ કલાકમાં વધુ ૩૮૬ લોકોના મોત થતા કુલ મૃત્યુ આંક ૮,૮૮૪ થયો,દર્દીઓના સાજા થવાની ટકાવારી ૪૯.૯ ટકા જેટલી

*ન્યુ દિલ્હી,તા.૧૩*

હોલિવુડની ફિલ્મ ''અનસ્ટોપેબલ''ની જેમ જાણે કે કોરોના વાઈરસના કેસો અટકતા ન હોય તેમ આજે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન સૌથી વધારે રેકોર્ડબ્રેક ૧૧,૪૫૮ કેસો બહાર આવતાં લોકોમાં ફફડાટ વ્યાપી જાય તે સ્વાભાવિક છે. એટલું જ નહીં છેલ્લાં કેટલાક દિવસથછી કેસોનની સંખ્યા ૧૦ હજારની આસપાસ અને હવે તો ૧૧ હજાપની આસપાસ બહાર આવી રહ્યાં છે. જે કેસો બહાર આવી રહ્યાં છે તેમાં સૌથી વધારે મહારાષ્ટ્રના છે. છેલ્લાં ૨૪ કલાકમાં સૌથી વધારે ૩૮૬ લોકોના મોત થતાં કુલ મૃત્યુઆંક ૮,૮૮૪ પર પહોંચ્યો છે. તો કુલ કેસો પણ ખૂબ જ ટૂંકા ગાળામાં ૩ લાખને પાર થઇ ગયા છે., પંજાબ સરકાઉરે તો શનિ-રવિ અને રજાના દિવસે ફરજિયાત લોકડાઉનનો નિર્ણય કર્યો છે. જો આ જ રીતે રોજના ૧૦ હજીર કરતાં વધુ કેસો વધતાં રહેશે તો ૨૫ જૂન સુધીમાં કેસોનો આંકડો ૪ લાખને પાર થઇ જાય તો નવાઇ નહીં. . હાલમાં કુલ કેસોની સંખ્યા હવે ૩,૦૮,૯૯૩ થઇ છે. ભારત વિશ્વમાં સૌથી વધુ કોરોના કેસો ધરાવતા દેશોની યાદીમાં યુકેથી આગળ આવીને ચોથા ક્રમે પહોંચી ગયું છે.

સૂત્રોએ કહ્યું કે, દેશમાં કોરોનાએ એક જ દિવસમાં પોતાનો વિકરાળ ચહેરો બતાવ્યો હોય તેમ વિતેલા ૨૪ કલાકમાં દેશમાં અત્યાર સુધીના રેકોર્ડ ૧૧,૪૫૮ પોઝિટિવ કેસો નોંધાયા છે અને તેને પગલે પોઝિટિવ કેસોની સંખ્યા ત્રણ લાખને પાર થઇ ગઈ છે. એક દિવસમાં વધુ ૩૮૬ લોકોના મોત થયા હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું

ભારત વિશ્વમાં સૌથી વધુ કોરોના કેસો ધરાવતા દેશોની યાદીમાં યુકેથી આગળ આવીને ચોથા ક્રમે પહોંચ્યું છે. દેશમાં



શુક્રવાર સવારથી અત્યાર સુધીમાં રેકોર્ડ ૧૧,૪૫૮ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. દેશમાં મોટાભાગના રાજ્યોમાં અનલોક-૧ના અમલની સાથે કોરોનાએ પણ છૂટછાટ લીધી હોય તેમ કેસોમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. શુક્રવારે દેશમાં સૌપ્રથમ વખત સત્તાવાર રીતે પોઝિટિવ કેસોનો આંક ૧૦ હજારને પાર થયો હતો.

અત્યાર સુધીમાં કોરોનાની જંગમાં જીતીને ૧,૫૪,૩૨૯ લોકો સાજા થયા છે જેને પગલે દેશમાં કુલ સક્રિય કેસની સંખ્યા ૧,૪૫,૭૭૯ છે. આ સાથે જ દર્દીઓના સ્વસ્થ થવાની ટકાવારી ૪૯.૯ ટકા જેટલી રહી છે. દેશમાં પ્રથમ એક લાખ કેસ ત્રણ મહિના બાદ થયા હતા જ્યારે હવે ફક્ત પખવાડિયાથી ઓછા સમયમાં એક લાખ કેસોનો વધારો થતો જોવા મળ્યો છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૩ દિવસમાં ૧૦૩૫૪ દર્દી કોરોનાના મળી આવ્યાં હતા. અને રાજ્યમાં કોરોનાના સૌથી વધારે દર્દી ૩૧ થી ૪૦ વર્ષની વયના હોવાનું બહાર આવ્યું છે. મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૩૭૧૭ લોકોએ જીવ ગુમાવ્યા છે.

મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય વિભાગે અત્યાર સુધી ૯૩ હજાર ૮૦૪ દર્દીઓનું ઉંમર પ્રમાણે એનાલિસિસ કર્યું છે. જેમાં સૌથી વધારે દર્દી ૩૧ થી ૪૦ વર્ષની ઉંમરના છે, જે રાજ્યમાં સંક્રમિતોની કુલ સંખ્યાના ૨૦.૧૦% છે. આ પ્રકારે ૨૧ થી ૩૦ વર્ષની ઉંમરના ૧૭૮૯૦ સંક્રમિત મળ્યા છે. સાથે જ રાજ્યમાં ૧૦ વર્ષની ઉંમર સુધીના ૩૦૮૧ બાળકો સંક્રમિત થયા છે.

ભારતની વાત કરવામાં આવે તો મહારાષ્ટ્રમાં ૧૨૭ લોકોના મોત થયા હતા. અહીંયા મુંબઈ દેશનું પહેલું શહેર બન્યું છે, જ્યાં મૃતકોનો આંકડો બે હજારને પાર થઈ ગયો છે. અહીંયા અત્યાર સુધી ૨,૦૪૪ લોકોના મોત થઈ ચુક્યા છે. દેશની રાજધાની દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધારે ૧૨૯ લોકોના મોત થયા છે. રાજ્યમાં અત્યાર સુધી થયેલા મોતમાં આ સંખ્યા સૌથી વધારે છે. આ પહેલા ગુરુવારે જ ૧૦૧ સંક્રમિતોના મોત થયા હતા.

વિતેલા ૨૪ કલાકમાં વધુ ૩૮૬ મોત થયા છે જે સૌથી વધુ દિલ્હીમાં ૧૨૯, મહારાષ્ટ્રમાં ૧૨૭, ગુજરાતમાં ૩૦, ઉત્તર પ્રદેશમાં ૩૦, તામિલનાડુમાં ૧૮, પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને મધ્ય પ્રદેશમાં ૯-૯, કર્ણાટક તેમજ રાજસ્થાનમાં ૭-૭, હરિયાણા અને ઉત્તરાખંડમાં ૬, પંજાબમાં ૪, આસામમાં ૨, કેરળ, જમ્મુ કાશ્મીર અને ઓડિશામાં ૧ મોત થયું છે.

રાજસ્થાનમાં ૨૩૦ નવા દર્દી સામે આવ્યા અને ૭ લોકોના મોત થયા હતા. સિરોહીમાં ૪૭, અલવરમાં ૩૨, જયપુર અને જોધપુરમાં ૨૯-૨૯ દર્દી મળ્યા હતા. રાજ્યમાં અત્યાર સુધી સંક્રમિતોની સંખ્યા ૧૨ હજાર ૬૮ થઈ ગઈ છે, જેમાંથી ૨૭૮૫ એક્ટિવ કેસ છે.

મધ્યપ્રદેમાં શુક્રવારે ૨૦૨ નવા કેસ સામે આવ્યા હતા અને ૯ દર્દીઓના મોત થયા હતા. રાજ્યમાં સંક્રમિતોનો આંકડો ૧૦ હજાર ૪૪૩ થઈ ગયો છે.

### બંન્ને દેશો વચ્ચે વાતચીત દ્વારા તમામ મતભેદો ઉકેલાશે

## ભારત-ચીન સરહદે સ્થિતિ નિયંત્રણમાં, નેપાળ સાથે મજબૂત સંબંધ: આર્મી ચીફ



ન્યુ દિલ્હી,તા.૧૩

લદાખમાં ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા ગતિરોધનો કેસ ઉકેલ તરફ આગળ વધી રહ્યો છે. ભારતીય સેના પ્રમુખ એમએમ નરવાણે એ શનિવારના રોજ કહ્યું કે ભારત ચીન સાથે વાતચીત દ્વારા મતભેદોના સમાધાનમાં રોકાયેલ છે. બંને દેશોની સરહદ પરની પરિસ્થિતિઓ સંપૂર્ણ નિયંત્રણમાં છે. બંને દેશોની સરહદ પર સ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે. તો નેપાળની સાથે શરૂ થયેલા સરહદ વિવાદ પર બોલતા સેના પ્રમુખે કહ્યું કે બંને દેશો વચ્ચે મજબૂત ભૌગોલિક સાંસ્કૃતિક અને ધાર્મિક સંબંધો છે જે આગળ પણ ચાલુ રહેશે.

ઉલ્લેખનીય છે કે ભારત-ચીન સરહદ પર ચીની સૈનિકોના આક્રમક અભિગમના લીધે લદ્દાખમાં વાતાવરણ તંગ બન્યું હતું. આ મામલાને લઇ કેન્દ્રની મોદી સરકાર પર પણ નિશાન સાંધવામાં આવી રહ્યું હતું. ચીનની સાથેના વિવાદને લઈ દેશભરમાં ચિંતાનો માહોલ હતો. આવી સ્થિતિમાં સેના પ્રમુખે શનિવારે પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનું આશ્વાસન આપ્યું. તેમણે કહ્યું, 'હું દરેકને આશ્વસ્ત કરવા માંગીશ કે ચીનની સાથે લાગેલી આપણી સરહદો પર પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે. આપણે ચીન સાથે કમાન્ડર સ્તરની તમામ વાતચીત કરી રહ્યા છીએ.નરવણે એ કહ્યું કે આ સિવાય સ્થાનિક સ્તર પર પણ સમાન રેંક્ના કમાન્ડર્સની વચ્ચે વાટાઘાટો દ્વારા ગતિવિધિને ઉકેલવાના પ્રયાસ ચાલી રહ્યા છે. નરવણે શનિવારના રોજ દહેરાદૂનમાં આઇએમએની પાસિંગ આઉટ પરેડમાં ભાગ લેવા ઉત્તરાખંડ પહોંચ્યા હતા.

સેના પ્રમુખે કહ્યું કે વાતચીત દ્વારા ગતિવિધિને ઘણો ઘટાડી ચૂકયા છીએ. અમે આશા રાખીએ છીએ કે બંને દેશો વચ્ચે ચાલી રહેલી વાતચીત દ્વારા તમામ મતભેદો ઉકેલાશે. તેમણે દાવો કર્યો હતો કે બધું જ નિયંત્રણમાં છે. તે જ સમયે સેના પ્રમુખે નેપાળની સરહદ પર વધી રહેલ હલચલ વિશે પણ વાત કરી હતી. તેમણે બંને દેશો વચ્ચે મજબૂત સાંસ્કૃતિક સંબંધોને ટાંકતા કહ્યું કે ભારત અને નેપાળ વચ્ચેના સંબંધો હંમેશા મજબૂત રહેશે.નરવણે એ કહ્યું કે નેપાળ સાથેના આપણા સંબંધો ઘણા મજબૂત છે. આપણે ભૌગોલિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક અને ધાર્મિક કડીઓ દ્વારા એકબીજા સાથે જોડાયેલા છીએ. આપણે લોકો દ્વારા મજબૂત સંબંધોથી જોડાયેલા છીએ. એવામાં તેમની સાથે (નેપાળ સાથે) આપણા સંબંધ હંમેશાં મજબૂત રહ્યા છે અને આગળ જતા પણ મજબૂત રહેશે. નોંધપાત્ર વાત એ છે કે લિપુલેખ, કાલાપાનીને નેપાળી નકશામાં દેખાડવાને લઇ બંને દેશોની વચ્ચેના સંબંધોમાં તણાવ પેદા થયો હતો.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૫૧૭**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૩૦૭૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૩૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૯૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૫૮૯૧**

### અમેરિકામાં વિરોધ પ્રદર્શનથી કોરોના સંક્રમણનું જોખમ વધ્યું

## અમેરિકામાં કોરોનાના કેસ ૨૧ લાખથી વધુ: ફરી પ્રતિબંધ લાગવાની શક્યતા

### દુનિયાભરમાં ૭૭ લાખથી વધારે કેસ નોંધાયા,મૃત્યુઆંકની દ્રષ્ટિએ બ્રાઝીલ બ્રિટનથી આગળ નિકળ્યું

*વોશિંગ્ટન,તા.૧૩*

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના દુનિયાભરમાં અત્યાર સુધીમાં ૭૭ લાખ ૩૨ હજાર ૯૫૨ કેસ નોંધાયા છે. જેમાં ૪.૨૮ લાખ લોકોના મોત થયા છે. ૩૯ લાખ ૫૬ હજાર ૨૯૯ લોકોને સારવાર પછી રજા અપાઈ છે.. અમેરિકામાં કેસોની સંખ્યા ૨૧ લાખ ૧૭ હજાર થઇ ગઇ છે અને એક અશ્વેતની પોલીસ દ્વારા હત્યાના પગલે ચાલી રહેલા વિરોધ પ્રદર્શનને કારણે કોરોના સંક્રમિતેની સંખ્યા વધી રહી હોવાનું પણ બહાર આવ્યું છે. તો બીજી તરફ કોરોના મૃત્યુઆંકની દ્રષ્ટિએ બ્રાઝીલ હવે બ્રિટનથી આગળ નિકળી ગયું છે.,બ્રાઝિલમાં ૪૧,૯૦૧ લોકોના મોત થયા છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે, બ્રાઝીલમાં ૮ લાખ ૨૯ હજાર ૯૦૨ કેસ નોંધાયા છે અને ૪૧ હજાર ૯૦૧ લોકોના મોત થયા છે. બ્રિટનમાં ૪૧ હજાર ૪૮૧ લોકોના મોત થયા છે અને ૨ લાખ ૯૨ હજાર ૯૫૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. મોતની બાબતમાં વિશ્વમાં અમેરિકા પછી બ્રાઝીલ બીજા નંબરે આવી ગયું છે. શુક્રવારે અહીં ૮૪૩ લોકોના મોત થયા છે.

અમેરિકામાં અત્યાર સુધીમાં ૨૧ લાખ ૧૭ હજાર કેસ નોંધાયા છે. જેમા ૧ લાખ ૧૬ હજાર ૮૨૫ લોકોના મોત થયા છે. ૮.૪૨ લાખ લોકોને સારવાર પછી રજા અપાઈ છે.

અમેરિકામાં શુક્રવારે ૯૬૧૮ કેસ નોંધાયા છે અને ૩૦૮ લોકોના મોત થયા છે. મીડિયા રિપોર્ટમાં કહેવાયું છે કે અશ્વેત નાગરિક જ્યોર્જ ફ્લોયડના મોત પછી થયેલા પ્રદર્શનના કારણે અમેરિકામાં સંક્રમણનું જોખમ વધ્યું છે. જો કે તરફથી આ વિશે કોઈ જાણકારી આપવામાં આવી નથી.અમેરિકામાં કેસ વધતા ફરી પ્રતિબંધો લાગી શકે છે. હેલ્થ મંત્રાલયના અધિકારી જે બટલરે શુક્રવારે કહ્યું કે જો કોરોનાના કેસ આવી રીતે જ વધતા રહ્યા તો તેને રોકવા માટે એ ઉપાય કરવા પડશે જે માર્ચમાં કર્યા હતા. હજુ અમે હજું કોઈ પરીણામ ઉપર પહોંચ્યા નથી, પરંતુ વિકલ્પ ખુલ્લા છે.

ફ્રાન્સ સરકાર ૧૫ જૂનથી અમુક યાત્રા પરથી પ્રતિબંધો હટાવશે. આ જાણકારી ગૃહ મંત્રી ક્રિસ્ટોફી કાસ્ટનરે આપી હતી. અંડોરા, આઈસલેન્ડ, મોનાકો, નોર્વે, સૈન મરીનો અને સ્વિત્ઝરલેન્ડથી લોકો અવર-જવર કરી શકશે. આ દેશમાંથી આવનારે ક્વોરન્ટિન પણ રહેવું પડશે નહીં. સ્પેન અને બ્રિટન માટે કડક પ્રતિબંધો હાલ યથાવત રહેશે. સ્પેનથી આવનાર વ્યક્તિએ ૧૪ દિવસ ક્વોરન્ટિન રહેવું પડશે


### વિશ્વ આરોગ્ય સંસ્થાની ચેતવણી

## કોરોનાની પરોક્ષ અસર સૌથી વધુ મહિલાઓ,બાળકો અને કિશોરો પર પડશે

જિનિવા,તા.૧૩

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનએ ચેતવણી આપી હતી કે કોરોના વાયરસ મહામારીની ભીષણ પરોક્ષ અસર પડી શકે છે. ડબલ્યુએચઓએ કહ્યું છે કે કોરોના બીમારીની તુલનામાં મહામારીના લીધે ઉભી થયેલી સ્થિતિના લીધે વધુ નુકસાન થઈ શકે છે.

ડબલ્યુએચઓએ જણાવ્યું છે કે કોરોના વાયરસ મહામારીની પરોક્ષ અસર સૌથી વધુ મહિલાઓ, બાળકો અને કિશોરો પર પડી શકે છે. ડબલ્યુએચઓ ચીફ ટેડ્રોસ એડહેનમ ઘેબ્રિયેસુસ એ કહ્યું કે કોરોનાની આડકતરી અસરને કારણે આ ખાસ જૂથ પર જે ખરાબ પ્રભાવ પડશે તે કોવિડ -૧૯ વાયરસથી થનાર મૃત્યુ કરતાં




પણ ભયાનક હોઇ શકે છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ એ જણાવ્યું હતું કે ઘણી જગ્યાએ મહામારીના લીધે આરોગ્ય તંત્ર પર દબાણ વધી ગયું છે. તેના લીધે ગર્ભાવસ્થા અને ડિલિવરી સાથે જોડાયેલી મુશ્કેલીઓથી મહિલાઓના મોતનું જોખમ વધી શકે છે.

યુનાઇટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર નતાલિયા કનેમે આ પરિસ્થિતિને લઇ કહ્યું છે કે 'મહામારીની અંદરનો એક મહામારી' પેદા થઇ ગઇ છે. નતાલિયા કનેમે કહ્યું કે એક અંદાજ મુજબ દર ૬ મહિનાના લોકડાઉનના લીધે ૪.૭ કરોડ મહિલાઓ ગર્ભનિરોધકની સુવિધા ગુમાવી દેશે. તેના લીધે ૬ મહિનાના લોકડાઉનમાં ઇચ્છા વગર ૭૦ લાખ બાળકોનો જન્મ થશે.ઇન્ટર પાર્લિયામેન્ટ્રીના યુનિયનના પ્રેસિડન્ટ ગ્રેબ્રિએલા કુવસ બેરને જણાવ્યું હતું કે મહામારીના લીધે ૪ થી ૬ કરોડ બાળકો પર ભીષણ ગરીબીનો ખતરો પેદાઇ થઇ ગયો છે. વિશ્વના ઘણા દેશોમાં રોગચાળાને કારણે શાળાઓ ઘણા મહિનાઓથી બંધ છે.

## દિલ્હીમાં કોરોનાના કેસો વધતાં અવરજવર પર નિયંત્રણો મૂકાયા

*ન્યુ દિલ્હી,તા.૧૩*

ઉત્તર પ્રદેશ સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યું છે કે દિલ્હીમાં કોરોના વાયરસના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને અવર-જવર પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે. રાજ્ય સરકારે કહ્યું છે કે દિલ્હીમાં વધતા કોવિડ -૧૯ કેસોને કારણે આવી રહેલ ટ્રેનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કોરોનાના નોઇડા અને ગાઝિયાબાદમાં વધતા સંક્રમણનું મુખ્ય કારણ દિલ્હી છે.

ઉત્તર પ્રદેશ સરકારના સ્ટેન્ડિંગ કાઉન્સિલ ગરીમા પ્રસાદે સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે, ×નોઇડામાં કોવિડ -૧૯ ના ૪૨ ટકા અને ગાઝિયાબાદમાં ૪૫ ટકા કેસ દિલ્હીમાં ચેપ ફેલાવાના કારણે થયા છે.× અવર-જવર પર પ્રતિબંધ મૂકવાનું કારણ છે. ' જો કે, તેમણે સ્પષ્ટ કર્યું કે આવશ્યક ચીજોની અવરજવર પર કોઈ પ્રતિબંધ નથી.

જજ અશોક ભૂષણ, જજસંજય કિશન કૌલ અને જજ એમ.આર. શાહની ખંડપીઠ સમક્ષ યુપી સરકારના વકીલે કહ્યું કે, દિલ્હીમાં કોરોના કેસ ગાઝિયાબાદ અને નોઇડા કરતા ૪૦ ગણા વધારે છે. તે જ સમયે, દિલ્હીમાં એક હજાર લોકોનાં મોત થયાં છે, જે નોઇડા અને ગાઝિયાબાદમાં મૃત્યુ પામેલા ૪૦ લોકો કરતા ૨૫ ટકા વધારે છે. આ કારણોસર સરહદ ખોલી શકાતી નથી.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે દિલ્હીને અડીને હરિયાણા અને યુપીની સરહદ ખોલવાના કેસમાં સુનાવણી કરી હતી. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે હરિયાણાએ આંતરિક હેરફેર પરના તમામ નિયંત્રણો દૂર કર્યા છે. પરંતુ પ્રતિબંધ ઉત્તર પ્રદેશના નોઇડા અને ગાઝિયાબાદમાં ચાલુ છે. આ કેસમાં હવે આગામી સુનાવણી ૧૭ જૂને હાથ ધરવામાં આવશે.

## તંત્રી સ્થાનેથી...

# દેશના કોમન મેનની પીડાને કોણ સમજશે.....?

કોરોનાએ મહા ભયાવહ રૂપ ધારણ કરી લીધું છે. તો દેશના સત્તા ધારીઓએ કોરોનાની ભયાવહતાને નગણ્ય ગણી હતી.... whoની ચેતવણી વિપક્ષ નેતા રાહુલ ગાંધીની ચેતવણી પરંતુ ગણકારે એ બીજા.....ભારતના સત્તાધારીઓ નહીં.....! કારણ કે તેમના ટ્રમ્પનું સ્વાગત કરવાનું હતું અને તે માટે મોટી ભીડ એકઠી કરવાની હતી, તો ટ્રમ્પને ગરીબી ન દેખાય તે માટે ગરીબી ઢાંકવા આડશો ઉભી કરી દેવામાં આવી હતી અને માત્ર ને માત્ર સમૃદ્ધિ અને સુખીપણાના દર્શન કરાવવાના હતા..... એટલે કે કોમનમેનને ભૂલીને ટ્રમ્પની ગુજરાત મુલાકાત પાછળ રૂપિયા ૧૦૦ કરોડનો ખર્ચ કરી નાખવામા આવ્યો..... બીજી તરફ જાન્યુઆરી ૩૦ મીએ વુહાનમાં ડોકટરી અભ્યાસ કરવા ગયેલ વિદ્યાર્થી પોતાના વતન કર્ણાટકમાં પરત ફર્યા હતા અને તેનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો ત્યારે ત્યાંની સરકારે યુદ્ધના ધોરણે પગલાં લીધા હતા. તમામ જરૂરી મેડિકલ સાધનો સુરક્ષા સાધનો ઉપલબ્ધ કરાવી દીધા તે સાથે ગરીબ, મધ્યમવર્ગ, શ્રમજીવીઓને જરૂરી અનાજ સહાય કરી દીધી...બીજી તરફ લોકોના ટેસ્ટિંગ શરુ કરી દીધા આ બધી જાણ કેન્દ્ર હોવા છતાં આરોગ્ય મંત્રાલય નિવેદન કરે છે કે કોરોના થી ડરવાની જરૂર નથી તેને પહોંચી વળવા તમામ તૈયારીઓ કરી દીધી છે. પરંતુ ખરેખર તો વિદેશથી આવેલા કોઈપણ વ્યક્તિના મેડિકલ ટેસ્ટ કરવામાં આવતા ન હતા......! જે હકીકત છે...... જે તે સરકારોએ અવારનવાર મનગમતી જાહેરાતો જ કરતી રહી હતી...! તો જાહેરમાં સાચું કહેનારાઓને કે લખનારાઓને જૂથો દ્વારા વિરોધ કરી-કરાવી બોલતી બંધ કરી દેતા હતા.... અને ધીરે ધીરે દેશભરના વિવિધ સરકારી અર્ધ સરકારી હોસ્પિટલ દ્વારા કોરોના દર્દીઓ સાથે જે વહેવાર,વર્તન મૃતકોની લાશોના નિકાલ માટેની માનવીય અભિગમથી દૂર રહેવા સહિતના વીડિઓ,ઓડીઓ જાહેર થતા રહ્યા.. આખરે સુપ્રીમ કોર્ટ મામલો પહોંચતા સુપ્રીમ કોર્ટે દેશભરની સરકારનો ઉધડો લઈ લેવા સાથે ટેસ્ટ વધારવા, દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવા સહિતના નિર્દેશ આપતા સરકારોમા અને તેના તંત્રમાં ચાલતા લોલમલોલની વિગતો બહાર આવી છે.....! તો આમ પ્રજામા મોટી ખુશી ફરી વળી છે.....!

દેશભરમાં જે તે સરકારી હોસ્પિટલોમાં કોરોના દર્દીઓના ટેસ્ટ ઓછા કરવામાં આવતા હોવાની તથા દર્દી સંપૂર્ણપણે સાજો થયો ન હોય છતાં ડિસ્ચાર્જ કરી દેવાની ઘટનાઓ, એકના બદલે બીજા દર્દીને લાશ આપવાની, કે પૂરી તપાસ કર્યા વગર મૃતક કોરોનાગ્રસ્ત હતા તેવી વાત કરીને તેને તેમના મકાનો સેનેટાઈઝ કરવા, સોસાયટી કે તેના રસ્તાઓ રસ્તા બંધ કરી દેવા સહિતના વીડિયો જાહેર થતા રહ્યા છે.... પરંતુ સરકારો તેને નગણ્ય ગણતી રહી છે....! પરિણામે આમ પ્રજામાં સરકાર ઉપરનો વિશ્વાસ ઘટી ગયો છે..... બીજી તરફ દેશભરમાં સૌથી કફોડી હાલત મધ્યમવર્ગની બની ગઈ છે, તો વતન પહોંચી ગયેલા પરપ્રાંતિય શ્રમિકોની હાલત પણ કફોડી બની રહી છે કારણ કે વતન પહોંચ્યા પછી રોજગારી તો મળતી નથી-આવક બંધ છે એટલે ખાય શું.....? આ પરિસ્થિતિનો ઉકેલ નહીં આવે તો ભવિષ્યમા ન બનવાની ઘટનાઓ બની શકે તેવી શક્યતા વધુ છે......!તેવી દહેશત લોકો વ્યકત કરી રહ્યા છે. બીજી તરફ જે તે રાજ્યોમાં તેમાં પણ ખાસ તો ગુજરાતમાં છેલ્લા પાંચ માસથી શાળાઓ બંધ છે, શિક્ષણ આપવાનું બંધ છે છતાં શાળા સંચાલકો ફી માટે વાલીઓ પર દબાણ કરી રહ્યા છે.... અને સરકારે આ માટે કોઈ માફી, મદદ કે સહાર કરવા તૈયાર નથી.... પરંતુ વાલીઓ ધીરે ધીરે ફી ભરે તેવી વાતો કરે છે. બીજી તરફ અમદાવાદની એક શાળા- ભાવનગરની ૧૫ જેટલી શાળાઓએ સ્વેચ્છાએ શિક્ષણ ફી ન લેવાની જાહેરાત કરતા મજુરો, ગરીબ, મધ્યમ વર્ગમાં ખુશી ફરી વળી છે... પણ તે વિસ્તારોની મર્યાદામાં... ત્યારે લોકોમાં સવાલ ઉઠી રહ્યા છે કે જેના થકી સ્પષ્ટ બહુમતી સાથે સત્તા મળી છે... તેઓની કોઈ કિંમત નહીં.... મધ્યમ વર્ગ, શ્રમજીવીઓ, ગરીબો રોજમદારો ભાજપાની ઉપર ઓળઘોળ થઈ ગયા હતા અને કોંગ્રેસ તેમજ વિપક્ષોને ફેંકી દઈને ભાજપાને સ્પષ્ટ બહુમતી સાથે સત્તા સોંપી હતી. અને હવે એજ ભાજપા સરકારો આ કોમનમેન વર્ગોની પીડા-પરેશાની નગણ્ય ગણે છે....! એક તરફ મોંઘવારી વધી રહી છે અને સરકાર વિવિધ રીતે કરબોજ વધારતી રહે છે ત્યારે આમ પ્રજા બેહદ પરેશાની ભોગવતી થઈ ગઈ છે. સરકાર દેશના વિકાસ કાજે આ કોમનમેન વર્ગોના ખીસામાં પૈસા નાખે તે જરૂરી છે.... પરંતુ સરકારની નીતિ કોમનમેનને સહાય કે મદદ માટેની છે જ નહીં. તેવું આમ પ્રજા કહે છે.... ત્યારે હવે તેઓની વહારે કોણ ચડશે.....? તેવો સવાલ લોકોમા પેદા થયો છે.. વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૪/૦૬/૨૦૨૦, રવિવાર, જેઠ વદ-૯
સૂર્યોદય-૬-૦૪, સૂર્યાસ્ત-૭-૩૦, જૈન નવકારશી-૭-૫૧,

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ | - શુભ ચોઘડીયા -<br>૭-૪૫ થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૭ સુધી, ૧૪-૨૮થી શુભ-૧૬-૦૯ સુધી, ૧૯-૩૧થી<br><br>- શુભ હોરા-<br>૭-૧૧થી ૧૦-૩૩ સુધી, ૧૧-૪૦ થી ૧૨-૪૭ સુધી, ૧૫-૦૨થી ૧૮-૨૩ સુધી, ૧૯- |

### પાલનપુર નગરપાલિકા પ્રમુખ અશોકભાઈ ઠાકોર સામે

# ડોર ટુ ડોર કચરા કૌભાંડ બાબતે કલમ ૩૭ અને ૭૦ મુજબ ફરિયાદ દાખલ કરતા પાલિકા સદસ્ય અમૃત જોષી

**કલમ ૩૭ મુજબ કમિશનરશ્રી મ્યુનિસિપાલિટી ગાંધીનગરમાં પ્રમુખ અશોકભાઈ ઠાકોર ને કૌભાંડ બાબતે પ્રમુખ પદેથી તેમજ સભ્ય પદેથી સસ્પેન્ડ કરવાની રજૂઆત**

પાલનપુર નગરપાલિકાના રૂપિયા ૨,૪૦,૦૦૦૦૦ (બે કરોડ ચાલીસ લાખ) ના ડોર ટુ ડોર કચરા કૌભાંડ બાબતે પ્રમુખ અશોકભાઈ બી ઠાકોર સામે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૩૭ મુજબ કમિશનરશ્રી મ્યુનિસિપાલિટી ગાંધીનગર અને કલમ ૭૦ મુજબ પ્રાદેશિક કમિશનરશ્રી મ્યુનિસિપાલિટી ગાંધીનગરને કાયદેસરની કાર્યવાહી કરી નગરપાલિકાના પ્રમુખ પદેથી તેમજ સભ્ય પદેથી સસ્પેન્ડ કરવા તેમજ કૌભાંડ નાં નાણાંની વસૂલાત કરવા બાબતે પાલિકા સદસ્ય અમૃતભાઈ જોષી દ્વારા રજૂઆત કરતા જણાવ્યું હતું કે પાલનપુર નગરપાલિકાના પ્રમુખ અશોકભાઈ ઠાકોર તેમજ તત્કાલીન મુખ્ય અધિકારી પંકજભાઈ બારોટ દ્વારા કૌભાંડ આચરવાના મલિન ઈરાદાથી કોન્ટ્રાક્ટર સાથે ભળી જઈ ખોટી અને મોટી જરૂરિયાત ન હોય તેવી શરતો રાખી ટેન્ડર દરબાર વેસ્ટ કોર્પોરેશન સુરત ને જ મળે તે માટે પ્રમુખ અશોકભાઈ ઠાકોર તેમજ તત્કાલીન મુખ્ય અધિકારી પંકજભાઈ બારોટ ની સહીથી જાહેર નિવિદા ઓક્ટોબર ૨૦૧૮ માં બહાર પાડવામાં આવેલી હતી તેમાં ખોટી અને મોટી જરૂરિયાત ન હોય તેવી ૬૫ (પાંસઠ) શરતો રાખવામાં આવેલ હતી આ શરતોમાં મોટે પાયે શરતોનો ભંગ થયેલ છે આ કામગીરીમાં મોટા પાયે લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે આમ નગરપાલિકાને લાખો રૂપિયાનું નુકસાન કરેલ છે અને નાણા ઘરભેગા કરેલ છે આમ ભ્રષ્ટાચાર આચરનાર પ્રમુખ અશોકભાઈ ઠાકોર ને પ્રમુખ પદેથી તેમજ સભ્ય પદેથી સસ્પેન્ડ કરી નાણાંની વસૂલાત કરી તેમની ઉપર તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવા મુદ્દાસર લેખિત રજૂઆત કરતાં જણાવ્યું હતું કે

(૧) શરત નંબર ૩૦ માં ભાવ પત્રક ભરનાર એજન્સી પાસે પોતાના નામના ૨૦૧૬ કે પછીના મોડલના ટાટા - એસીઈ અથવા અશોક લેલન્ડ ટેમ્પા નંગ -૧૫ , ટ્રેક્ટર નંગ -૧૫ , ફરજીયાત હોવા જરૂરી છે. સદર વાહનોની માલિકી ઈજારાદારની પોતાની હોવી જોઈએ ભાડા કરાર કે અન્ય પ્રકારની ગોઠવણ માન્ય રહેશે નહી. તેવી શરત રાખેલ છે આ શરત નું કોઈ પાલન કરવામાં આવેલ નથી દરબાર વેસ્ટ કોર્પોરેશન ના માલિક બિપીનસિંહ માનસિંહ પીલોદરીયાના નામનું ફક્ત એક જ સાધન આ કોન્ટ્રાક્ટમાં ઉપયોગમાં લેવામાં આવે છે. શરતમાં કોન્ટ્રાક્ટરની માલીકીના ૧૫ + ૧૫ આમ કુલ ૩૦ સાધનો હોવા જોઈએ તે શરત મુજબ માલીકીના સાધનોનો કોઈ ઉપયોગ કરવામાં આવતો નથી. શરત મુજબ કામગીરીમાં ૩૦ સાધનો કોન્ટ્રાકટરની માલીકીના જ હોવા જોઈએ તે પ્રમાણે કામગીરીમાં ૧૫ + ૧૫ = ૩૦ સાધનો કોન્ટ્રાક્ટરના વાપરવા જોઈએ તે વપરાતા નથી. ટેન્ડરમાં માગ્યા મુજબના સાધનો ઉપયોગમાં લીધેલ નથી. છેતરપીડી કરી છે.

(૨) શરત નંબર ૩૦ માં કોન્ટ્રાક્ટરની માલીકીના ૧૫+૧૫ એમ કુલ ૩૦ સાધનો હોવા જોઈએ તે શરતનો ભંગ થાય છે. કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી માટે તેમના કુલ ૧૦ સાધનો જ વપરાય છે તેમાં ફક્ત એક સાધન જ તેમની માલીકીનું છે. ૯ (નવ) સાધનો તેમણે ભાડે રાખેલ છે. આમ છેતરપીંડી આચરવામાં આવેલ છે.

( ૩ ) નગરપાલીકાની માલીકીના ૧૨ સાધનો જેમાં ૯ છોટા હાથી, ૧ લોડર , ૧ ડમ્પર, ૧ કન્ટેનર લીફટીંગ એમ ૧૨ સાધનો દરબાર વેસ્ટ કોર્પોરેશન કોન્ટ્રાક્ટર નગરપાલીકાના વાપરે છે. આમ કોન્ટ્રાક્ટરના સાધનો કરતાં નગરપાલીકાની માલીકીના સાધનો કોન્ટ્રાક્ટર વધારે ઉપયોગમાં લે છે. ( ૪ ) પાલનપુર નગરપાલીકાની તમામ મિલ્કતોનો ડોર - ટુ - ડોર કચરો અને સ્ટેન્ડોનો કચરો તેમજ અન્ય તમામ કચરો ઉપાડવાનો કોન્ટ્રાક્ટ આપેલ હોવા છતાં નગરપાલીકાની માલીકીના ૧૧ સાધનો કચરો ઉપાડવાની કામગીરી અલગથી કરે છે.તેનો ડિઝલ ખર્ચ , ડ્રાઈવર પગાર ખર્ચ , રીપેરીંગ ખર્ચ તેમજ અન્ય ખર્ચ નગરપાલીકામાં પાડવામાં આવે છે.આ કામગીરી નગરપાલીકા દ્વારા કરવામાં આવે છે.આમ જે કામગીરી માટે દરબાર વેસ્ટ કોર્પોરેશનને કોન્ટ્રાક્ટ આપેલ છે તે કામગીરી નગરપાલીકામાં ખર્ચ પાડી કરવામાં આવે છે. કોન્ટ્રાક્ટર ને લાભ કરાવી મોટો લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે.

( ૫ ) શરત નંબર ૧૫ નું કોઈ પાલન કરવામાં આવેલ નથી. સ્થાનિક ઓફિસ રાખવામાં આવેલ નથી. હેલ્થ એજ્યુકેશનના બેનર લગાવેલ નથી. સ્પીકર મારફતે કોઈ સુચન આપવામાં આવેલ નથી.એસ ડબલ્યુ.એમ .ના નિયમોનું કોઇ પાલન કરવામાં આવેલ નથી.

( ૬ ) શરત નંબર ૧૬ નું કોઈ પાલન કરવામાં આવતું નથી. શેરી, સોસાયટી , મહોલ્લાઓમાં હોન/ઘંટડી તમામ સાધનોમાં વગાડવામાં આવતી નથી. સાધન કચરો લેવા આવે ત્યારે દરેક જગ્યાએ ઉભુ રાખવામાં આવતું નથી .( ૭ ) શરત નંબર ૧૯ નું કોઈ પાલન કરવામાં આવતુ નથી. લેબરના રક્ષણ માટે જરૂરી હેન્ડગ્લોઝ , ગમબુટ , એપ્રોન હેટ તેમજ યુનિફોર્મ આપવામાં આવતો નથી.

( ૮ ) શરત નંબર ૨૦ નુ કોઈ પાલન કરવામાં આવેલ નથી. ગણવેશ આપવામાં આવેલ નથી.

( ૯ ) શરત નંબર ૨૩ નુ કોઈ પાલન કરવામાં આવતુ નથી. ભીનો અને સુકો કચરો અલગ ઉઘરાવવામાં આવતો નથી.

( ૧૦ ) શરત નંબર ૨૬ નુ કોઈ પાલન કરવામાં આવતુ નથી. મરેલા ઢોર દરબાર વેસ્ટ કોર્પોરેશન ઉપાડતું નથી. નગરપાલીકાના કર્મચારીઓ નગરપાલીકાના સાધન દ્વારા ઉપાડે છે.( ૧૧ ) શરત નંબર ૩૧ નુ કોઈ પાલન કરવામાં આવતુ નથી. નગરપાલીકા કચેરીમાં કોન્ટ્રાક્ટરનો કોઈ કર્મચારી ફરીયાદો નોંધવાં રાખવામાં આવેલ નથી.

( ૧૨ ) શરત નંબર ૪૪ નુ કોઈ પાલન કરવામાં આવતું નથી. સાધનો ઉપર જે તે વિસ્તારના સુપરવાઈઝરનું નામ , મોબાઈલ નંબર લખવામાં આવેલ નથી.

( ૧૩ ) શરત નંબર ૫૦ નું કોઈ પાલન કરવામાં આવતું નથી. ઓપન સ્પોટોનો કચરો રોજે રોજ નિયમિત ઉપાડવામાં આવતો નથી. સેગ્રીકેશન પણ કરવામાં આવતું નથી. તેમજ દૈનિક ( દિવસમાં ) ત્રણ વાર કચરો ઉપાડવા માટે આપવામાં આવેલ યાદી મુજબ કચરો ઉપાડવામાં આવતો નથી. રોજે રોજ ડોર - ટુ - ડોર કચરો ઉઘરાવવામાં આવતો નથી.

(બ)

( ૧ ) શરત નંબર ૧૪ માં ઓછામાં ઓછા ૫ વર્ષની અ વર્ગની નગરપાલીકાનો અનુભવ હોવો જોઈએ તેવી શરત રાખવામાં આવેલ છે તે શરતની કચરો ઉપાડવા માટે કોઈ જરૂરીયાત નથી ( ૨ ) શરત નંબર ૩૦ માં ભાવ ભરનાર એજન્સી પાસે પોતાના નામના ૨૦૧૬ કે તે પછીના મોડલના ટાટા એસીઈ અથવા અશોક લેલન્ડ ટેમ્પા નંગ -૧૫ , ટ્રેક્ટર નંગ -૧૫ , ફરજીયાત હોવા જોઈએ, સદર વાહનોની માલિકી ઈજારાદારની પોતાની હોવી જોઈએ. ભાડા કરાર કે અન્ય પ્રકારની ગોઠવણ માન્ય રહેશે નહીં તેવી શરત રાખેલ છે ખરેખર આવી શરત રાખી શકાય નહી. આવી શરત ફકત દરબાર વેસ્ટ કોપરિશનને કોન્ટ્રાક્ટ મળે તે માટે રાખવામાં આવેલ છે રાખવામાં આવેલ શરતનું પાલન પણ કરવામાં આવેલ નથી. ભાડે ટ્રેક્ટર રાખી કોન્ટ્રાક્ટર કામગીરી કરે છે. શરતભંગ કરેલ છે.

( ૩ ) શરત નંબર ૪૬ માં કોન્ટ્રાકટરને પાંચ વર્ષનો ઓછામાં ઓછો આ કામગીરીનો અનુભવ હોવો જોઈયે તેવી શરત રાખેલ છે.

આવી શરત કચરો ઉપાડવા માટેની કામગીરી કરવા માટે કોઈ જરૂરી નથી. આ શરત ફક્ત દરબાર વેસ્ટ કૉર્પોરેશનને કોન્ટ્રાક્ટ મળે તે માટે રાખવામાં આવેલ છે.

( ૪ ) શરત નંબર ૪૭ માં છેલ્લા ત્રણ વર્ષનું ટર્ન ઓવર ઓછામાં ઓછું સરેરાશ ૮ કરોડ હોવું જોઈયે.

આવી શરત કચરો ઉપાડવાની કામગીરીમાં કોઈ જરૂરીયાત નથી. ફક્ત દરબાર વેસ્ટ કોર્પોરેશનને જ કામ મળે તે માટે રાખવામાં આવેલ છે.

( ૫ ) શરત નંબર ૫૩ માં કોન્ટ્રાક્ટર પાસે ૧૦૦ લેબર લાયસન્સ ફરજીયાત હોવું જોઈને તેવી શરત રાખેલ છે.

આ શરત ફક્ત દરબાર વેસ્ટ કોર્પોરેશનને જ ટેન્ડર લાગે તે માટે રાખવામાં આવેલ છે. આ કામગીરીમાં ૧૦૦ લેબર કામગીરી કરતા નથી.

( ૬ ) શરત નંબર ૫૪ માં કામગીરી કર્યાનું પાંચ વર્ષનું પ્રમાણપત્ર ફરજીયાત જોડવાનું રહેશે તેવી શરત રાખેલ છે.

આ શરત ફક્ત દરબાર વેસ્ટ કોર્પોરેશનને જ ટેન્ડર લાગે તે માટે રાખવામાં આવેલ છે. કારણ કે કચરો ઉપાડવા માટે પાંચ વર્ષના અનુભવની કોઈ જરૂરીયાત હોતી નથી.

( ૭ ) શરત નંબર ૫૫ માં ૨૦૧૬ કે પછીના નવા વાહનોની ટેન્ડરમાં જણાવ્યા મુજબની આર.સી.બુકની ઝેરોક્ષ ફરજીયાત મુકવાની રહેશે.

આ શરત ફક્ત દરબાર વેસ્ટ કોર્પોરેશનને ટેન્ડર લાગે તે માટે રાખવામાં આવેલ છે. આવી શરતની કોઈ જરૂરીયાત કચરો ઉપાડવાની કામગીરીમાં હોઈ શકે નહી.

( ૮ ) શરત નંબર ૫૮ માં નેટવર્થ સર્ટીફીકેટ ૪ કરોડ કે તેનાથી વધુનું ફરજીયાત હોવું જોઈએ તેવી શરત રાખેલ છે. કચરો ઉપાડવાની કામગીરીમાં આવી શરતની કોઈ જરૂરીયાત હોતી નથી.

ફક્ત દરબાર વેસ્ટ કોર્પોરેશનને જ ટેન્ડર લાગે તે માટે આવી ખોટી શરત રાખેલ છે.

( ૯ ) શરત નંબર ૫૯ માં ઈજારદારે ૩ કરોડનું ચાલુ વર્ષનું સોલવન્સી સર્ટીફીકેટ બીડવાનું રહેશે તેવી શરત રાખેલ છે.

આટલી મોટી રકમનું સોલવન્સી સર્ટીફીકેટ કચરો ઉપાડવાની કામગીરીમાં જરૂરી નથી ફક્ત દરબાર વેસ્ટ કોર્પોરેશનને જ કામ મળે તે માટે આવી ખોટી શરત રાખેલ છે.

(ક)

(૧) અગાઉના વર્ષમાં ડોર ટુ ડોર કચરો ઉઘરાવવા તેમજ ઓપન સ્પોટ ઉપરથી કચરો ઉપાડવાનો ખર્ચ તેમજ સફાઈ કરવાનો કુલ ખર્ચ માસીક ૧૦ થી ૧૧ લાખ વચ્ચે થતો હતો. એવરેજ ૧૦,૫૦,૦૦૦ ( દસ લાખ પચાસ હજાર પુરા ) માસીક ખર્ચ ગણતા ૧૦,૫૦,૦૦૦ ઠ ૧૨ = ૧,૨૬,૦૦,૦૦૦ ( એક કરોડ છવીસ લાખ પુરા ) વાર્ષિક ખર્ચ થતો હતો.

( ૨ ) જયારે પ્રમુખ અશોકભાઈ ઠાકોર તેમજ તત્કાલીન મુખ્ય અધિકારી પંકજભાઈ બારોટ દ્વારા ભ્રષ્ટાચાર આચરવાના મલીન ઈરાદાથી અને ભ્રષ્ટાચાર આચરી દરબાર વેસ્ટ કોર્પોરેશનને જ ટેન્ડર લાગે તેમજ કોન્ટ્રાક્ટ તેમને જ મળે તે માટે જરૂરીયાત ન હોય તેવી ખોટી અને મોટી શરતો રાખી મોટો ભ્રષ્ટાચાર આચરેલ છે. ટેન્ડરમાં રાખવામાં આવેલ શરતોનું કોઈ પાલન કરવામાં આવેલ નથી. દરબાર વેસ્ટ કોર્પોરેશનનું માસીક બિલ ૩૦ લાખથી ૩૧ લાખ સુધીનું દર મહિને બનાવવામાં આવે છે. તેની એવરેજ માસીક રૂા .૩૦,૫૦,૦૦૦ ( ત્રીસ લાખ પચાસ હજાર પુરા ) નું બીલ ગણતા ૩૦,૫૦,૦૦૦ × ૧૨ = રૂા .૩,૬૬,૦૦,૦૦૦ ( ત્રણ કરોડ છાસઠ લાખ પુરા ) વાર્ષિક બીલ થાય છે. તેની અગાઉના વર્ષમાં નગરપાલીકાએ આપેલ અન્ય કોન્ટ્રાક્ટરોનો વાર્ષિક ખર્ચ રૂા .૧,૨૬,૦૦,૦૦૦ થતો હતો ત્યારે હાલમાં રૂા .૩,૬૬,૦૦,૦૦૦ થાય છે તેથી રૂા .૨,૪૦,૦૦,૦૦૦ નો ભ્રષ્ટાચાર આચરવામાં આવેલ છે .આ બાબતે પાલિકા સદસ્ય અમૃતભાઈ જોષીએ તારીખ ૨૬/૦૨/૨૦૨૦ ના રોજ લેખિત પત્ર લખી રૂપિયા ૨,૪૦,૦૦૦૦૦ (બે કરોડ ચાલીસ લાખ) ના ડોર ટુ ડોર કચરા કૌભાંડ બાબતે પ્રમુખ અશોકભાઈ ઠાકોર તેમજ તત્કાલીન મુખ્ય અધિકારી પંકજભાઈ બારોટ સામે કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ નાણાંની વસૂલાત કરવા રજૂઆત કરેલ હોવા છતાં અને તત્કાલીન મુખ્ય અધિકારી પંકજભાઈ બારોટની બદલી થઇ ગઇ હોવા છતાં અને દરબાર વેસ્ટ કોર્પોરેશન ની કોન્ટ્રાક્ટની મુદત પૂર્ણ થઈ ગઈ હોવા છતાં પ્રમુખશ્રી અશોકભાઈ ઠાકોર દ્વારા દરબાર વેસ્ટ કોર્પોરેશનને શરતોનો ભંગ કરેલ હોવા છતા તેમની પાસે જ કામ કરાવવામાં આવે છે તો તે તે જ દર્શાવે છે કે તેઓ દ્વારા જ કૌભાંડ આચરવામાં આવેલ છે

આમ પાલિકા સદસ્ય અમૃતભાઈ જોષી દ્વારા કલમ ૩૭ અને કલમ ૭૦ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી પ્રમુખ અશોકભાઈ ઠાકોર ને પ્રમુખ પદેથી તેમજ સભ્ય પદેથી તાત્કાલિક સસ્પેન્ડ કરવા તેમજ કૌભાંડ આચરી ઘર ભેગા કરેલ નાણાંની પણ વસુલાત કરવા રજુઆત કરી હતી.

# કોરોનાથી મોતના મામલે બ્રાઝીલ વિશ્વમાં બીજા ક્રમે, મૃત્યુઆંક ૪૨ હજારને નજીક



સાઓ પાઉલો,તા.૧૩

સમગ્ર વિશ્વમાં કોરોના દહેશત મચાવી રહ્યો છે. દૂનિયામાં હજારો લોકો મોતને ભેટી રહ્યાં છે. વિશ્વમાં કુલ ૪.૨૮ લાખ લોકોના મોત થયાં છે. જ્યારે બ્રાઝીલમાં ૪૧,૮૨૮ લોકોના મોત થયા છે. આ સાથે બ્રાઝીલ કોરોનાને કારણે મોત થતાં લોકોની સંખ્યામાં બીજા ક્રમ પર પહોંચ્યું છે.વિશ્વભરમાં કોરોના વાઈરસના અત્યાર સુધીમાં ૭૭ લાખ ૩૨ હજાર ૯૫૨ કેસ નોંધાયા છે. જેમાં ૪.૨૮ લાખ લોકોના મોત થયા છે. તેમજ ૩૯ લાખ ૫૬ હજાર ૨૯૯ લોકો સાજા થતાં તેમને સારવાર બાદ રજા આપવામાં આવી છે.કોરોના મોત મામલે બ્રાઝીલ બીજા ક્રમેકોરોના વાઈરસને લીધે બ્રાઝીલમાં ૮,૨૯,૯૦૨ કેસ નોંધાયા છે અને ૪૧,૯૦૧ લોકોના મોત થયા છે. જ્યારે બ્રિટનમાં ૪૧ ,૪૮૧ લોકોના મોત થયા છે અને ૨,૯૨, ૯૫૦ કોરોનાના પોઝિટિવ કેસ નોંધાયા છે.કોરોનાને લીધે થતાં મોત મામલે વિશ્વમાં અમેરિકા પછી બ્રાઝીલ બીજા નંબરે પહોંચી ગયું છે. શુક્રવારે બ્રાઝીલમાં ૮૪૩ લોકોના મોત થયા છે.અમેરિકા કોરોનાથી સૌથી વધારે પ્રભાવિત થયું છે. અમેરિકામાં અત્યાર સુધીમાં ૨૧ લાખ ૧૭ હજાર કેસ નોંધાયા છે. જેમાં ૧ લાખ ૧૬ હજાર ૮૨૫ લોકોના મોત થયા છે.

### સુપ્રિમ કોર્ટમાં હાર્યા બાદ હવે

# કેન્દ્ર ફરીથી ખાનગી ક્રિપ્ટોકરન્સી પર પ્રતિબંધ મૂકવા નવો કાયદો લાવવાની તૈયારીમાં



ન્યુ દિલ્હી,તા.૧૩

બિટકોઈન અને અન્ય ડીજીટલ કરન્સીમાં લેવડ દેવડ નહી કરવા દેવી જોઈએ એવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિયમોને રદ્દ કરતા સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ હવે કેન્દ્ર સરકાર હરકતમાં આવી છે અને કેન્દ્ર સરકારે દરેક પ્રકારના ખાનગી ક્રીપ્ટોકરન્સી ઉપર પ્રતિબંધ મુકવા માટે એક નવો કાયદો ઘડી કાઢવા માટે કવાયત શરુ કરી હોવાનું જાણવા મળે છે.

અગાઉ કેન્દ્ર સરકારના પૂર્વ આર્થિક સલાહકાર સૌરભ ચંદ્ર ગર્ગની કમિટીએ કરેલી ભલામણના આધારે કેબીનેટ નોટ તૈયાર કરવામાં આવી છે અને તેના આધારે આ કાયદો ઘડી કાઢવામાં આવશે. અત્યારે કેબીનેટ નોટ અન્ય મંત્રાલયોને તેમના અભિપ્રાય આપવા માટે મોકલી દેવાંમાં આવી છે.

સુપ્રીમ કોર્ટે રિઝર્વ બેંકના નિયમોને રદ્દ કરતો એક ચુકાદો આપ્યો છે. આ નિયમ અનુસાર બેંકોએ કોઈપણ ખાતેદારને ક્રીપ્ટોકરન્સીમાં લેવડ દેવડ નહી કરવા દેવી એવી સુચના આપવામાં આવી હતી. આ ચુકાદો રદ્દ થઈ જતા હવે ખાતેદાર પોતાના બેંક એકાઉન્ટમાંથી બીટકોઈન કે અન્ય ડીજીટલ ચલણ ખરીદવા રૂપિયાની ટ્રાન્સફર કરી શકે છે કે ડીજીટલ કરન્સીના વેચાણ બાદ તેની રૂપિયામાં રૂપાંતરિત રકમ જમા કરાવી શકે છે.

વિવિધ મંત્રાલયોના અભિપ્રાયના આધારે નાણા મંત્રાલય ક્રીપ્ટોકરન્સી ઉપર પર્તીબંધ ફરમાવતો કાયદો સંસદમાં મંજુરી માટે રજુ કરશે. જોકે, નવા કાયદા અનુસાર ચીનની જેમ ભારત પણ સરકારી રીતે પોતાનું ડીજીટલ ચલણ કે ક્રીપ્ટોકરન્સી બજારમાં મૂકી શકે તેવી છૂટ રાખવામાં આવશે. એટલે મતબલ એવો થયો કે ભારતમાં ખાનગી ડીજીટલ ચલણનો સંગ્રહ, તેની ખરીદી, વેચાણ કે તેનું માઈનીંગ અથવા તો તેની ટ્રાન્સફર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે તેવું લાગી રહ્યું છે. જો ડીજીટલ ચલણ ઉપર પ્રતિબંધ મુકવા અંગે વિવિધ વિભાગો વિરોધ કરશે તો સરકાર દેશમાં ક્રીપ્ટોકરન્સીના નિયંત્રણ અંગે વિચારણા કરી શકે છે. જોકે, આવી શક્યતા નહિવત લાગી રહી છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક. સાહિત્યિક વિભાગ..
## આયોજક : પ્રદીપ રાવલ

ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ, ગદ્ય,પદ્ય સ્પર્ધા પરિણામ (આજે ગદ્ય વિજેતા પ્રસિદ્ધિ)
ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયાં,નિર્ણાયક : જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ સંચાલક : પ્રણવ ઝાંખર,મનીષ વોરા
પ્રકાર : ગદ્ય
ટાસ્ક : ચિત્ર પરથી રચના
શીર્ષક : રાધામય - કૃષ્ણમય

યમુનાના કિનારે કદંબના ઝાડ નીચે રાધાથી એક ગજના અંતરે બેઠેલો કૃષ્ણ વાંસળીના મધુર ને મોહક સૂર રેલાવી રહ્યો હતો. રાધા સુરમાં મગ્ન થઈને કૃષ્ણમય થઈ ગઈ છે. એ સમયે યમુનાનાં નીર પણ રોકાઈ ગયા છે.હવાએ મહેંકવાનુ ભુલી ગઈ છે. ઝાડની પાંદડીઓ એક ધ્યાને વાંસળીના સૂર સાંભળી રહી છે.ગાય ,પશુ-પંખી સૌ તલ્લીન થઈ કૃષ્ણમય બની ગયા છે.

ત્યાં જ કૃષ્ણનાં હૃદયમાં જશોદાના અવાજનો ભાસ થાય છે. "ગાયો ચરાવ્યા પછી માખણ ખાવા તથા જમવા સમયે આવી જજે."

ને કૃષ્ણ ઘેર જવાની તૈયારી કરે છે.

ત્યાં જ સામે બેઠેલી કૃષ્ણ પાસે આવીને રાધા કહે," તને આ યમુના કિનારો... કદંબ વૃક્ષ...ગોવાળિયા.... ગાયો... ગોવર્ધન પર્વત...યશોદા માતા... નંદજી... ગોપીઓ.... ને આ તારી રાધા.... આ બધું તને યાદ નહીં આવે. તું ગોકુળિયાને અને આ રમણીય વૃંદાવન છોડીને મથુરા જઈશ. તો અમારા ને આ બધાની હાલત શું થશે? એ તારી યાદમાં ઝુરી ઝુરી ને મરી જશે."

કૃષ્ણ તેની વાત ધ્યાનથી સાંભળવાની સાથે રાધાનો વિલાપ અનુભવી રહ્યો હતો.

થોડીકવાર પછી આંખોમાં આંસુ સાથે રડમસ ચહેરે બોલી," પણ કાના તું તો મારાથી દુર નહિ જાય ને,ભલે તું મથુરા જઈશ કે પછી હસ્તિનાપુર પણ રહીશ તો હંમેશા મારા દિલમાં જ."

કૃષ્ણ કહે,"રાધા યાદ તો આ બધું જ આવશે. હું પણ તારી જેમ જ રાધામય બની તને નીરખતો રહીશ. તારી યાદ ફરી ફરી ફરિયાદ બની હૃદય પર આવશે. તારા પ્રેમના કારણે મારા નામની આગળ હંમેશા તારું નામ બોલાશે.લોકો તારા નિર્દોષ ,સ્વચ્છ પ્રેમને હંમેશા યાદ રાખશે."

કૃષ્ણ રાધાનાં આંસુ લૂછી છે ને પછી કહે,"અહીંથી મથુરા જવાની વાત છે.એમાં મારી જરૂર જેટલી ગોકુળ અને વૃંદાવનને છે.એટલી જ જરૂર મથુરાને પણ છે. મારા મામા, મારી માતા દેવકી, પિતા વાસુદેવ મને બોલાવે છે. ને હા ,એથીયે વધુ ભારત દેશને મારી ખુબ જરુર છે.આવનારા સમયમાં રાધા તું એ જોઈશ કે દુનિયામાં મારે કેટ કેટલાંય કામ કરવાના છે. હા, હું રાધામય હોવાં છતાં સૌથી પહેલા તું જ યાદ આવશે.. પછી.."

'મન'
મનોજકુમાર પંચાલ પાલનપુર

-----------------------------------------------------

વિભાગઃ ગદ્યખંડ
શીર્ષક : "સાંભળ ઘેલી રાધા "

રાધા ઉવાચ્ ......
"કેમ બોલાવી કાના
અડધી રાતલડીએ ?
જાવ છો છોડી મુજને મથુરા ગામ,
નથી સુકાતા અંતરના આંસુ,
નથી કરવી મારે અંતરની વાતલડી,
તમારે અનેક નારીઓ,
શી'દને મનાવશો મુજને કાના ? "
આપી વિરહ ની વેદના,
તમે શું જાણો અંતરની પીડા ?
જગત આખું જાણશે..રાધા ઘેલો શ્યામ !"
કૃષ્ણ ઉવાચ્.......
"સાંભળ ઘેલી રાધા "
"રાધે તુજ વિના આધે કૃષ્ણ"..........

મારો તારો પ્રેમ આત્માથી બંધાયેલો છે. આપણો સંબંધ પરમાત્માની એક ભેટ છે જેનો અંતરમાં સ્પર્શ થાય છે...

આપણું મિલન એજ "આત્મવિશ્વાસ."!

રાધા તારી પ્રીત જન્મોજનમની, તું મારા કણે કણમાં સમાયેલી, તારા સિવાય કોઈપણ નથી દિલની રાણી, ગોકુળની ગોપીઓમાં તારું જ રૂપ જોઉં છું, "રાધા વગર કાન અધૂરો." આપણી બાળપણની પ્રીતને હૈયાંમાં સજાવી રાખવા આત્માની ઝાંખી કરાવું છું.. તારી સાથે બે ઘડી પ્રેમની વાતો કરવા યમુના તટ પર આવી...મોરલી વગાડી સૂરનો સાદ પાડી યમુના તટ બોલાવું છું...તારી પ્રીતને મારા અંતરથી પારકી ના ગણ.

" પાંગરવા દે પ્રીતને, ખોલી દે ! અંતરના દ્વાર
દિશે જગ પ્રેમથી આત્માનું મિલન થાય ! "

તારો અને મારો આત્મા એક છે. હું તારામાં ને તું મારામાં. જગતમાં પ્રેમ શબ્દ એ'વો છે.. ભૂલાવી દે.... સર્વ દુઃખોની પળ ! તારી પ્રીતનો પાલવ ઢળતો મૂકી દે ! સમાવી લે..મને તારા અંતરના પાલવમાં ! મળશે મને સર્વ સંસાર સુખ !

તારો સંગાથ મારા પ્રાણથી પ્યારો છે.. વાંસળીના સૂર બે'સૂરા લાગશે મને ! તારો વિરહ વેદના જેવો લાગશે...

" લાગી છે લગની રાધા તારી પ્રીતની તારો વિરહ વેદના સમો, સમાવી લે ! આંખોમાં મુજને
ઓઢાડી દે ! અંતરની ચાદર ! "

તારા વિના સઘળું અધૂરું! મારી કામણઘેલી રાધા.

તારા મુખ પર પ્રીતનું પ્રતિબિંબ જોઉં છું.. તારી નમેલી આંખોમાં લજ્જા અને શરમની લાલિમા સ્પષ્ટ રૂપે મુખ પર અંકાય છે. આભ કેરા તારલાં ચમકે છે લીલુડાં રંગની ચુંદલડીમાં...શોળે શણગાર સજી આવ્યા છો યમુના ઘાટ ! નહીં જાવા દઉં આજ ! મનની શ્રદ્ધા કાયમ અટલ રાખજે ! ક્યારે'ય ઓછું નહીં આવવા દઉં.. તારા પ્રેમ તણા સાગરને છલકાતો રાખજે... કાનાની પ્રીતમાં ...બાળપણની ઘેલ'છા વિસરાતી નથી..તું રિસાય ત્યારે હું મનાઉં... ને...હું રિસાવું ત્યારે તું મનાવતી... એવા અંતરના ભાવની સાથે બંધાઈ ગઈ પ્રીત...

રાધા ગૌરી...શ્યામ વર્ણ કાના સાથેનો સંબંધ આખા જગતમાં "અમરપ્રેમ"કહેવાશે. આખું જગત કહેશે.. શ્યામ રાધાનો દિવાનો છે.

હવે તારી ઘેલ'છા છોડી દે... લે આ વાંસળી મારી ભેટ સમજીને તારી પાસે રાખ, હું જીવનના ઉદ્દેશ્ય અને કર્તવ્યમાં બંધાયેલો છું તારો કાન હવે દ્વારકાધીશ બનવા જઈ રહ્યો છે. મારી આ અમૂલ્ય ભેટ કાનાની પ્રીત સમજી હૈયેં લગાડી મારા અંતરસ્પર્શનો અનુભવ કરજે..મારા જીવનને મૂલ્યવાન સમજી તારા મુરલીધરને અંતરથી માફ કરી દેજે.... રાધે. યુગે યુગમાં કરાવી દે, "રાધે શ્યામ"ના પ્રીતની પરમં ઝાંખી !

ઉર્વશી મહેતા અમદાવાદ.

-----------------------------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર
વિભાગ = ગદ્ય
શીર્ષક= બાબા જશવંતસિંહ

આજકાલ લોકોને પ્રેમ વિશેના કોઈ ઉદાહરણ આપવાનું કહેવામાં આવે તો, મોટી ઉંમરના લોકો રાધા-કૃષ્ણના પ્રેમ વિશે જણાવશે જ્યારે યુવાવર્ગ રોમિયો-જુલિયેટ, લેલા-મજનુ અને હીર-રાંઝાના ઉદાહરણો આપશે. આજે આપણે એક એવી પ્રેમકથા વિશે જાણીશું કે, જેને વાંચીને કે જાણીને દરેક ભારતવાસીને ગર્વ થશે.

૨૧ વર્ષની ઉંમરે ટ્રેનિંગ પૂરી કરી અને જ્યારે અરુણાચલ પ્રદેશમાં આવેલા તવાંગ જિલ્લામાં નુરનાંગ બ્રિજની રખેવાળી માટે ચોથી ગઢવાલ બટાલિયનની એક કંપની મૂકવામાં આવી. આ કંપનીમાં ઘણા નવયુવકો હતા જેમાંના એક હતા જશવંતસિંહ રાવત. રગોમાં ઊછળતું રક્ત, દિલમાં દેશપ્રેમ માટેની ભાવના અને લડાઈ માટેનું છૂટું મેદાન હોય તો એક જવાનને બીજું શું જોઈએ?

બરફથી ઢંકાયેલી પહાડીઓ અને ઊંચા ઊંચા વૃક્ષો, ખુશનુમાં વાતાવરણ, આવામાં ના થતો હોય તેને પણ પ્રેમ થઈ જાય. બટાલિયનના જવાનોને દુશ્મનોની ગતિવિધિ જાણવા અને સર્ચ ઓપરેશન માટે ઘણી વખત રહેણાક વિસ્તારોમાં અને પહાડીઓમાં વસતા લોકોની વચ્ચે જવાનું થતું. ત્યાં પહાડીઓમાં નૂરા અને સેલા નામની બે બહેનો રહેતી હતી. આવામાં જવાનીના જોશમાં અને ઉછળતા રક્તના ઉન્માદમાં સેનાના જવાન જશવંતસિંહને નૂરા નામની પહાડી છોકરી સાથે આંખ મળી ગઈ અને દિલ થી દિલ મળતાં લાગણીઓનું પ્રેમમાં પરિવર્તન થયું. સૈન્ય કાર્યવાહી સબબ ક્યારેક રહેણાક વિસ્તારમાં જવાનું થતું તો જશવંતસિંહ નૂરાને મળતાં તો ક્યારેક નૂરા આર્મી કેમ્પ તરફ જશવંતસિંહને મળવા આવતી. એકબીજા એ સાથે જીવવા અને સાથે મરવાના વચનો આપ્યા.

એવામાં ૧૯૬૨ના ભારત અને ચીન વચ્ચે યુદ્ધના મંડાણ થયાં. ભારતના મુઠ્ઠીભર સૈનિકો અને સૈનિકો પાસે ખૂબ જ ઓછા પ્રમાણમાં હથિયાર ઉપરથી વાતાવરણ નો પ્રકોપ ખૂબ જ ઠંડી અને સતત બરફ પડતો રહે જ્યારે ચીન પાસે અત્યંત આધુનિક મશીનરી અને ૩૦૦ જેટલા સૈનિકોએ ભારત પર હુમલો કર્યો. પરિસ્થિતિ બેકાબૂ બનતા ઉપરી અધિકારીઓએ પીછેહઠ કરવા હુકમ કર્યો અને જવાનોને પાછળ ખસવાનો આદેશ અપાયો. બધા જવાનો આદેશ મુજબ પાછળ ખસવા તૈયાર પરંતુ આટલી જલદી હારમાની લે તો તો માનુ ધાવણ લાજે આથી રાયફલમેન જશવંતસિંહ રાવત, ત્રિલોક નેગી અને ગોપાલ ગોસાઈ આ ત્રણ જવાનોએ નક્કી કર્યું કે જરૂર પડશે તો દેશ માટે જીવ પણ આપશું પરંતુ જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તો દુશ્મનોને માતૃભૂમિ પર પગ મૂકવા નહીં દઈએ.

લડતા લડતા ત્રિલોક નેગી અને ગોપાલ ગોસાઈ શહીદ થયા પરંતુ જશવંતસિંહે હાર ન માની અને પાંચ-પાંચ બંકરો એકલા હાથે સંભાળી અને દુશ્મનો પર ફાયરીંગ કરતા રહ્યા. નૂરા અને સેલા તેમને ત્યાં જમવાનું અને પાણી પહોંચાડતાં પણ જેને દેશ માટે શહીદ થવાની તમન્ના ઉપડી હોય તેને ભૂખ કે તરસ સાની લાગે? સતત લડતા અને દુશ્મનો સાથે બાથ ભીડતાં જશવંતસિંહ સાથે નૂરા પણ સતત લડતી હતી. દુશ્મનો તરફથી ફાયરિંગ થોડું ધીમું પડતાં તેમણે નૂરાના ખોળામાં માથું ઢાળી અને તેમના સામે જોવા લાગ્યા નૂરા એ પણ આટલા સમયથી તરસ્યા જશવંત સિંહને થોડું પાણી આપ્યું અને જમવા માટેની થોડી વ્યવસ્થા કરવા તે વસ્તી તરફ જવા લાગી. જશવંતસિંહના ના કહેવા છતાં પણ નૂરા પોતાના પ્રેમીને અંતિમ ક્ષણોમાં ભોજન કરાવવા તે ત્યાંથી વસ્તી તરફ આગળ નીકળી તે દરમ્યાન દુશ્મનો તરફથી એક ગ્રેનેડ તેના તરફ ફેંકાતાં તેમણે ત્યાંજ પ્રાણત્યાગ કર્યા. પ્રેમિકાના મૃત્યુને જોઈ જશવંતસિંહ સમસમી ગયા અને તે માટી માથા પર લગાવી અને બમણા જોશથી દુશ્મનો પર તૂટી પડ્યા ત્રણ દિવસ અને ત્રણ રાત સુધી સતત ભૂખ્યા અને તરસ્યા દુશ્મનોનો સામનો કરતા રહ્યા અને તેમણે આપેલા વચન મુજબ જ્યાં સુધી પોતાના શરીરમાં પ્રાણ હતા ત્યાં સુધી દુશ્મનોને એક ઇંચ પણ જમીન આપી નહીં. અંતે આપણે ભારત અને ચીન વચ્ચેના યુદ્ધમાં આપણી હાર થઈ.

પરંતુ કહેવાય છે કે હાલ પણ જસવંતસિંહની આત્મા અરુણાચલ પ્રદેશના તવાંગ જિલ્લાની આસપાસના વિસ્તારોમાં ચોકી પૂરે છે અને ભારતીય સેનામાં આજ પણ તેમની નોકરી સતત ચાલુ છે. તેમને સમયાંતરે પ્રમોશન પણ અપાય છે અને તેમનો પગાર પણ ચાલુ છે. તેમની યાદમાં અરુણાચલ પ્રદેશના તવાંગમાં બાબા જશવંતસિંહ નામનું મંદિર પણ આવેલું છે.

અને નૂરા અને સેલાની યાદમાં ત્યાંની બે પહાડીઓના નામ આ બે બહેનોના નામ પરથી રાખવામાં આવ્યા છે. ભલે આ પ્રેમકથા પહાડીઓના ગર્ભમાં દફન થઈ ગઈ છે પરંતુ જસવંતસિંહની આત્મા આજે પણ તેની સાક્ષી પૂરે છે.

ભરત રબારી
( માંગરોળ,જી. જુનાગઢ)

-----------------------------------------------------

વિભાગ : ગદ્ય
શીર્ષક : ઈશ્વરાધીન

"આજે સવારથી મોબાઈલ જ નથી જોયો." બબડીને ખુરશી પર બેઠી. મેસેજ જોવાં શરુ કર્યાં. જોતાં જ ગમી જાય એવાં રાધાજીને મનાવી રહેલાં કૃષ્ણનાં ચિત્ર પર એની નજર સ્થિર થઈ. મનોમન ચિત્ર સાથે સંવાદ સાધ્યો.


"હે, રાધાજી ! તમારાં રાતાચોળ મુખ પર ફૂટેલાં શરમનાં શેરડાંથી સ્પષ્ટ વરતાય છે કે, કાનજી તમારા રૂપને નિહાળી તમારી પ્રશંસા કરી રહ્યાં છે. રાધાજી, તમે કેટલાં નસીબદાર છો."

"મારો શ્યામ તો કેટલાંયે દિવસથી મારાથી રીસાયો છે. કોણ જાણે ક્યારે માનશે ?" આંખમાં આંસુ ને મનમાં વિચારો એકસાથે ધસી આવ્યાં. તેનો ફીયાન્સ શ્યામ બે વર્ષ પહેલાં માસ્ટર કરવાં અમેરીકા ગયેલો. પરત આવ્યાં પછી લગ્ન કરવા એવું બન્ને પરિવાર વચ્ચે નક્કી થયેલું. "શ્યામ, આ બધું પતી જાય પછી આવજે. તું ત્યાં જ સેફ રહેશે." "મેધા, મારી મમ્મી કહે છે, "તું જલ્દી આવી જા, કેમ કે એને મારી ચિંતા છે. અને તું ?" "શ્યામ, હું પણ તારી ચિંતા કરું છું. એટલે જ તને કહું છું. રસ્તામાં તને કંઈ ?" બસ, એક કલાકની તું-તું, મેં-મેં પછી બન્ને છેડેથી ફોન મૂકાઈ ગયાં.

"આ છેલ્લાં વાર્તાલાપનાં બીજા જ દિવસે, મેધાનાં વિરોધ છત્તાં, ભારત પરત ફર્યો ને ચૌદ દિવસ સરકારી મહેમાન બન્યો. ક્વોરન્ટાઈન કરાયાનાં ત્રીજા જ દિવસે કોરોના પોઝીટીવ નીકળ્યો. ગઈકાલે તેની મમ્મી કહેતી હતી, "શ્યામનાં લાસ્ટ બે રીપોર્ટ નેગેટીવ છે." ફરી વખત શ્યામને મનાવવા માટે ફોન જોડ્યો. પરંતુ દર વખતની જેમ નિરાશા સાંપડી."

"કાનજી, મારો શ્યામ ?" વાક્ય પૂરું થાય તે પહેલાં મોબાઈલની રીંગટોન સાથે ઘણાં દિવસે શ્યામનો ફોટો ચમક્યો.

પ્રીતિ શાહ ("અમી-પ્રીત")




## પાટણ જિલ્લા પંચાયત ગ્રામસેવક મંડળ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું



પાટણ જિલ્લા પંચાયત ગ્રામસેવક મંડળ દ્વારા કલેકટર સાહેબ ની ગ્રીન પાટણ ઝુંબેશ ના ભાગરૂપે ટી.બી ત્રણ રસ્તા થી જિલ્લા પંચાયત સુધી કરેણ અને અન્ય વૃક્ષો નું વાવેતર કરવામાં આવ્યું અંદાજીત ૮૦૦ જેવા રોપા નું વાવેતર કરવામાં આવ્યું અને રોપ જીવિત રહે તે માટે આગળ પણ આની દેખરેખ રાખવા માટે પાટણ જિલ્લા પંચાયત ગ્રામસેવક મંડળ ના શિરે રહેશે..જેમાં જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા પણ હાજરી આપી ને વૃક્ષો નું વાવેતર કર્યું..અને અન્ય અધિકારીઓ પણ આ કાર્ય માં જોડાયા હતા..આનું સંચાલન સંપૂર્ણ પણે પાટણ જિલ્લા ગ્રામસેવક મંડળ ના ઉપપ્રમુખ સુરેશભાઈ ચૌહાણ કરી રહ્યા છે..

## એક કવિતા મૈત્રીને નામ

ઝીંદગી શું છે ?
એક ધૂંધળી સાંજ
૪ મિત્રો
૨ cutting ચા
૧ table
ઝીંદગી શું છે ?
૧ મોટી SUV
૪ મિત્રો
અને ખુલ્લો લાંબો પહાડી રસ્તો
ઝીંદગી શું છે ?
એક મિત્ર નું ખાલી ઘર
ઝરમર વરસાદ
૧ બોટલ વોડકા
કાંદા ના ભજીયા .....અને ખુબ એક બીજા ની ફીરકી
ઝીંદગી શું છે ?
collage ના દોસ્તો
bunk કરેલો class
1 plate બટાટા વડા ૨ ચા
(આપણે લીંબુ સોડા વાંચવું)
અને બીલ ભરવા માટે નો ઝગડો
ઝીંદગી શું છે ?
phone ઉઠાવતા જ દોસ્ત ની ગાળ
અને srory કહ્યા પછી બીજી ગાળ
ઝીંદગી શું છે ?
કેટલા વરસો પછી એજ દોસ્તો ની યાદ
એક FB per msg & sms ..
ઝાંખી પડેલી એજ ભીની યાદો ..
અને આંખો માં આવેલા આંસુ...

### ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક ગ્રોથના પોપ્યુલેશન રિસર્ચ મુજબ
# ભારતીય મહિલાઓમાં પુરુષોની સરખામણીમાં કોરોનાથી મોતનું જોખમ વધારે: અભ્યાસ

ન્યુ દિલ્હી,તા.૧૩

ભારતમાં કોરોના વાયરસના ઝડપથી વધી રહેલા કેસ વચ્ચે એક નવા અભ્યાસમાં માલુમ પડ્યું છે કે ભારતમાં કોરોના વાયરસથી મોતનો ખતરો પુરુષોની સરખામણીમાં મહિલાઓમાં વધારે રહેલો છે. ૨૦ મે સુધીના આંકડા પ્રમાણે સંક્રમિત મહિલાઓમાં મોતનું પ્રમાણ ૩.૩ ટકા છે, જ્યારે પુરુષોમાં આ પ્રમાણ ૨.૯ ટકા છે. આ રિસર્ચ ગ્લોબલ હેલ્થ સાયન્સ જર્નલમાં પ્રકાશિત થયું છે. અભ્યાસકર્તાઓનું કહેવું છે કે કોરોનાના સંક્રમણથી બચવા માટે મહિલાઓએ વધારે સતર્ક રહેવાની જરૂર છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનૉમિક ગ્રોથના પૉપ્યુલેશન રિસર્સ સેન્ટરે ભારત અને અમેરિકાની રિસર્ચ સંસ્થા સાથે મળીને આ શોધને પૂર્ણ કરી છે. શોધ પ્રમાણે કોરોના સંક્રમણ મામલામાં ભારતીય પુરુષોની સરખામણીમાં મહિલાઓને વધારે ખતરો રહેલો છે. ૨૦ મે સુધીના આંકડા પ્રમાણે ૬૬ ટકા પુરુષો જ્યારે ૩૪ ટકા મહિલાઓ સંક્રમિત થઈ હતી.આ પહેલા ભારતના પરિવાર અને સ્વાસ્થ્ય કલ્યાણ મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું હતું કે કોરોનાના ત્રણ ચતુર્થાંસ એટલે કે ૭૫ ટકા મામલામાં પુરુષોમાં સંક્રમણ છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને ભારતમાં કોરોનાનો ડેથ રેટ ૩.૩૪ ટકા જણાવ્યો હતો. સંશોધકોના મતે આ પ્રમાણ ૪.૮ ટકા થઈ શકે છે.

અભ્યાસ સાથે જોડાયેલા પ્રોફેસર એસ.વી. સુબ્રમણ્યમના જણાવ્યા પ્રમાણે અત્યાર સુધી કોરોનાના ડેથ રેટને ઉંમર અને લીંગના આધાર સાથે નથી જોવામાં આવ્યો. આ અભ્યાસ પ્રમાણે મહિલાઓને કોરોનાથી મોતનો ખતરો વધારે છે. જોકે, આ પહેલા દુનિયામાં થયેલા સંશોધન પ્રમાણે કોરોના સંક્રમણ અને મોતનો ખતરો પુરુષોનો વધારે હોવાનું કહેવામાં આવ્યું હતું.

### ૧૩ દિવસમાં કુલ ૨૫ આતંકીઓનો સફાયો
# જમ્મૂ-કાશ્મીરમાં આતંકીઓ પર સેનાનો ડબલ અટેકઃ ચાર આતંકી ઠાર

શ્રીનગર,તા.૧૩

જમ્મુ-કાશ્મીરમાં ભારતીય સુરક્ષાદળોએ શનિવારે આતંકવાદીઓ પર ત્રણ જગ્યાએ હુમલો કર્યો હતો. ભારતીય સુરક્ષાદળોએ પુલવામા, કુલગામ અને અનંતનાગમાં આતંકવાદીઓને ઘેરી લીધા હતા. અનંતનાગ અને કુલગામમાં બે બે આતંકીઓને ઠાર કરી દેવાયા છે. નોંધનીય છે કે છેલ્લા એક અઠવાડિયામાં ભારતીયએ સેનાએ ૧૪ જેટલા આતંકીઓને ઠાર કર્યાં છે.

પ્રાપ્ત વિગત પ્રમાણે ભારતીય સુરક્ષાદળોને ગુપ્ત જાણકારી મળી હતી કે પુલવામાના ગુલાબ બાગ ત્રાલ, કુલગામના નિરોપા અને અનંતનાગના લલન વિસ્તારમાં અમુક આતંકીઓ મોટી ઘટનાને અંજામ આપવા માટે યોજના ઘડી રહ્યા છે. ગુપ્ત જાણકારીને આધારે ભારતીય સુરક્ષાદળોએ સ્થાનિક પોલીસ અને સીઆરપીએફની સાથે મળીને સંયુક્ત ટીમ તૈયાર કરી હતી અને એક સાથે ત્રણેય જગ્યા પર આતંકીઓને ઘેરી લીધા હતા. આ દરમિયાન સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું તો આતંકીઓએ સુરક્ષાદળો પર હુમલો કરી દીધો હતો.અત્યાર સુધી મળેલી માહિતી પ્રમાણે અનંતનાગ અને કુલગામમાં બે-બે આતંકીઓને ઠાર કરી દેવાયા છે. જ્યારે ગુલાબ બાગ ત્રાલમાં એક ઘરમાં ત્રણ આતંકીઓ છૂપાયા હોવાની માહિતી મળી છે. અહીં બંને તરફથી ફાયરિંગ ચાલી રહ્યું છે. બીજી તરફ જમ્મુ-કાશ્મીરના શોપિયાંમાં એક આતંકીની ધરપકડની સૂચના મળી છે. કહેવામાં આવી રહ્યું છે કે ધરપકડ કરવામાં આવેલો વ્યક્તિ આતંકવાદી સંગઠન સાથે સંબંધ ધરાવે છે.

નોંધનીય છે કે તાજેતરમાં અધિકારીઓએ જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીરમાં આ વર્ષે સુરક્ષાદળોએ ૧૦૧૦ આતંકવાદીઓને સફાયો કરી દીધો છે. દક્ષિણ કાશ્મીરમાં ૧૨૫ આતંકીઓના સફાયાનું લક્ષ્ય છે, જેમાં ૨૫ વિદેશ આતંકી સામેલ છે.

# તેલ કા ખેલઃ સપ્તાહમાં પેટ્રોલ અને ડીઝલમાં રૂ.૪નો વધારો

ન્યુ દિલ્હી,તા.૧૩

કોરોના સંકટથી ત્રસ્ત પ્રજાને માથે હવે પેટ્રોલ-ડીઝલના વધારાનો બેવડો માર સહન કરવો પડી રહ્યો છે. શનિવારે પેટ્રોલમાં લિટરદીઠ ૫૯ પૈસા તેમજ ડીઝલમાં ૫૮ પૈસાનો વધારો ઝીંકવામાં આવ્યો હતો. સળંગ સાત દિવસ સુધી પેટ્રોલ-ડીઝલમાં ભાવવધારો ઝિંકવામાં આવતા સપ્તાહમાં પેટ્રોલ રૂ. ૩.૯૮ તેમજ ડીઝલ રૂ.૪ મોંઘું થયું છે. તો બીજી તરફ મધ્ય પ્રદેશમાં શિવરાજ સિંહ સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક-એક રૂપિયો વધારાનો ટેક્સ લગાવી દીધો છે.

દેશમાં ૮૨ દિવસ સુધી ઈંધણના ભાવમાં કોઈ બદલાવ નહીં થયા બાદ તેલ કંપનીઓ દ્વારા સળંગ સાતમાં દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં પેટ્રોલનો ભાવ વધીને લિટરે રૂ. ૭૫.૧૬ જ્યારે ડીઝલનો ભાવ રૂ. ૭૩.૩૯ થયો છે. માર્ચના મધ્યમાં કેન્દ્ર સરકારે પેટ્રોલ ડીઝલ ઉપરના એક્સાઈઝ દરમાં વધારો કરવામાં આવ્યા બાદ ઈંધણના દરમાં વધારો સ્થગિત કરાયો હતો. ઓઈલ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ કોર્પ, ભારત પેટ્રોલિયમ કોર્પ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પ દ્વારા એક્સાઈઝ ડ્યુટીમાં વધારો ગ્રાહકો પર લાદવાને બદલે તેને વહન કરી રહ્યા હતા.

### અરવલ્લીમાં કોરોના બેકાબુ

# ૨૪ કલાકમાં ૫ લોકો કોરોનાગ્રસ્ત,મોડાસામાં વધુ બે લોકો કોરોનાનો ભોગ બનતાં જીલ્લામાં ૧૪૭ પર આંક પહોંચ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ત્રણ લાખને પાર કરી ગઈ છે. અત્યાર સુધી સાડ છ હજાર લોકોનાં મોત થયા છે. કોરોના વાયરસનો ચેપ દેશમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે ત્યારે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાની સ્થિતિ બેકાબુ બની રહી છે જીલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૫ લોકોનો કોરોના પોઝેટીવ આવતાં જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૧૪૭ પર પહોંચી ગઈ છે મોડાસા શહેરમાં સતત કોરોના દર્દીઓની સંખ્યા વધવાની સાથે ૯ લોકોને કોરોના ભરખી જતા મોડાસામાં કોરોનાનું ભયાવહ રૂપથી લોકો ફફડી ઉઠ્યા છે જીલ્લામાં સતત વધી રહેલા કોરોનાનું સંક્રમણ અને મૃત્યુદર ને પગલે નેશનલ હેલ્થ મિશનના એમ.ડી જે.ડી.દેસાઈ મોડાસા દોડી આવ્યા હતા અને જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સાથે મુલાકાત કરી પરિસ્થિતિ પર તાગ મેળવ્યો હતો મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સ્મીશન નો ખતરો શહેરીજનો ના માથે મંડરાઈ રહ્યો છે



મોડાસા શહેરમાં નિત્યદર્શ ફ્લેટ ,કોટવાલ ફળી ,રસુલાબાદ સોસાયટીના ત્રણ લોકો,અમ્રતપુરા કંપા અને બાયડ શહેરની ઉમિયા ટાઉન શીપમાં રહેતા આધેડ કોરોનામાં સપડાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે જીલ્લામાં સૌથી વધુ કપરી સ્થિતી મોડાસા શહેરની બની છે અનલોક-૧ માં મળેલી છૂટછાટ માં લોકો જાણે કોરોનાએ વિદાય લીધી હોય તેમ બિન્દાસ્ત બની બહાર નીકળી રહ્યા છે જેથી આગામી સમયમાં કોરોના બૉમ્બ વિસ્ફોટ થાય તો નવાઈ નહિ આરોગ્ય તંત્ર શહેરમાં સતત વધતા કોરોનાના કેસને લઈને ઉંધા માથે જોવા મળી રહ્યું છે .મોડાસા શહેર સહીત જીલ્લામાં કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે અત્યારસુધી ૧૪૭ દર્દીઓ કોરોનાગ્રસ્ત બન્યા છે મોડાસા શહેરમાં સતત કોરોના સંક્રમણનો અજગરી ભરડો યથાવત રહેતા જિલ્લામાં કોરોનાનું હોટસ્પોટ સેન્ટર બની રહ્યું છે જિલ્લા આરોગ્ય તંત્રએ કોરોનાનું સંક્રમણ અટકાવવા સઘન સર્વેની કામગીરી અને કોરોનાની ચેઈન શોધી તેને નાથવા માટે કડક પગલાં ભરે તેવી માંગ લોકોમાં ઉઠી રહી છે

### દેશમાં કોલકાતાની સાથે સાથે અમદાવાદમાં પણ કોરોનાથી મૃત્યુદર વધારે

# અમદાવાદમાં કોરોનાના કારણે હાલ ડેથ રેટ ૭.૧ ટકા થતા તંત્રની વધી ચિંતા

અમદાવાદ,તા.૧૩

કોરોનાનો કહેર આજે આખા દેશમાં વ્યાપક પ્રમાણમાં ફેલાયેલો છે, પરંતુ અમુક રાજ્ય એવા છે જ્યાં કોરોનાનું અસર કંઈક વધારે જોવા મળી રહી છે. ગુજરાત પણ કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત રાજ્યોમાં સમાવેશ થાય છે. લોકડાઉન પછી અનલોક ફેઝમાં દરરોજ કોરોના વાયરસના કેસોમાં કૂદકેને ભૂસકે વધારો જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં પણ કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ચિંતાજનક રૂપથી વધારો જોવા મળી રહ્યો છે. દેશમાં કોલકાતાની સાથે સાથે અમદાવાદમાં પણ કોરોનાથી મૃત્યુદર વધારે છે. કોલકાતામાં મૃત્યુદર ૯ ટકા છે, જ્યારે અમદાવાદમાં હાલ ડેથ રેટ ૭.૧ ટકા થઈ ચૂક્યો છે. અમદાવાદ હાલના દિવસોમાં કોરોનાનું ડેથસ્પોટ બનેલું છે. અમદાવાદમાં દર ૧૦૦ કેસોમાંથી ૭ લોકોના મોત નોંધાયા છે.

અમદાવાદ એટલા માટે કોરોનાનું ડેથસ્પોટ માનવામાં આવી રહ્યું છે કારણ કે અહીં મૃત્યુદર ગત મહીના સુધી ૫ ટકા હતો, જ્યારે હવે વધીને ૭.૧ ટકા થઈ ગયો છે. જેનો અર્થ એવો થાય છે કે મોતના મામલે આ શહેર ઝડપથી આગળ વધી રહ્યું છે. ગુજરાતમાં કોરોના મૃત્યુ દરની વાત કરીએ તો અહીં ૯.૧૬ ટકા છે. ગત ૮૪ દિવસોમાં કોરોનાથી ગુજરાતમાં કુલ ૧૩૮૫ લોકોના મોતથી વધારે થયા છે, જ્યારે તેમાંથી ૧૧૭ મોત એકલા અમદાવાદમાં નોંધાયા છે. ગત ૧૦ દિવસોની વાત કરીએ તો ગુજરાતમાં ૩૦૯ લોકોના મોત કોરોનાના કારણે થયા છે, જેમાંથી ૨૫૦ લોકોના મોત એકલા અમદાવાદમાં થયા છે.

અમદાવાદમાં સૌથી મોટી ચિંતાની વાત એ છે કે પ્રતિ મિલિયન અહીં ૧૭૯૭ લોકો કોરોનાગ્રસ્ત છે, તો મુંબઈમાં ૩૩૧૬, ચેન્નાઈમાં ૩૨૨૯ કેસો સામે આવ્યા તેમ છતાં દેશના ટોચના શહેરોમાં મૃત્યુ દર સૌથી વધુ છે. અમદાવાદમાં પ્રતિ મિલિયન લોકોમાં ૧૨૮ મોત થયેલા છે, જ્યારે મુંબઈમાં ૧૧૩, દિલ્હીમાં ૪૩ અને ચેન્નાઈમાં ૩૧ના મોત થયેલા છે. જ્યારે ગુજરાતમાં અનલોક-૧ પછી કોરોનાના આંકડાની વાત કરીએ તો, ૧ જૂનથી લઈને ૧૧ જૂન સાંજે ૫ વાગ્યા સુધી સરકારી આંકડા પ્રમાણે ગુજરાતમાં ૧૧ દિવસમાં ૫૨૭૩ પોઝિટીવ કેસ નોંધાયા છે. જેમાંથી ૩૪૭ લોકોના મોત થયેલા છે. અનલોક-૧માં દરરોજ ૪૯૦થી લઈને ૫૧૦ સુધી પોઝિટી કેસ સામે આવી રહ્યા છે, જ્યારે મોતની સંખ્યાની વાત કરીએ તો દરરોજ ૩૨ લોકોના સરેરાશ મોત થઈ રહ્યા છે.

### ખેડૂતો લાપસીના આંધણ મૂકો

# આજથી રાજ્યમાં વિધિવત્ રીતે ચોમાસાનું આગમન થશે: ભારે વરસાદની આગાહી

*ગાંધીનગર,તા.૧૩*

નિસર્ગ વાવાઝોડાની અસરના પગલે થયેલા વરસાદમાં રાજયના મોટાભાગના વિસ્તારોમાં વાવણી લાયક વરસાદ વરસ્યો હતો. ખાસ કરીને સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં વાવણી થઈ ગઈ છે ત્યારે હવે આજે એટલે કે રવિવારથી રાજયમાં વિધિવત રીતે ચોમાસાનું આગમન થશે. રાજયના હવામાન વિભાગ દ્વારા આગામી ૩ દિવસ માટે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આજથી રાજયમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ રહેશે. રાજયના હવામાન વિભાગે કેટલાક જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે. તો આ સમાચારના પગલે જે ખેડૂતોએ વાવણીની તૈયારી કરી દીધી છે તેમના માટે લાપસીના આંધણ મૂકવાના સંયોગો સર્જાશે.

રાજયમાં કાલથી નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલી, ભાવનગર, અમરેલી, અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, નર્મદા ભરૂચ સહિતના જિલ્લામાં વરસાદ વરસશે. આ ઉપરાંત પવન પણ ફૂંકાઈ શકે છે.

કેરળમાં ચોમાસાના આગમન બાદ મુંબઈના વરસાદ પર રાજયના ચોમાસાનો મદાર રહેતો હોય છે. દરમિયાન રાજયમાં છેલ્લા ૪ દિવસથી અનેક ઠેકાણે ચોમાસા જેવો વરસાદ વરસી રહ્યો છે. ગઈકાલે રાજયમાં મહેસાણા જિલ્લામાં સૌથી વધારે વરસાદ વરસ્યો હતો.

### અમરેલી,બગસરાના સુડાવડ ગામે

# ખેતરમાં ઈલેક્ટ્રી ફેનમાં મજૂરોને સોટ લાગતા ત્રણના મોત



વી.કે.સાંગાણી દ્વારા.

અમરેલી,બગસરાના સુડાવડ ગામે ખેતરમાં ઈલેક્ટ્રી ફેનમાં મજૂરોને સોટ લાગતા ત્રણના મોત... ફુલાભાઈ રાઘવભાઈ ગજેરા ના ખેતરમાં ફરજામાં ફેનમાં સૉર્ટ થતા બની દુર્ઘટના... પંખાના વાયરો ફરજાના પતરાઓ સાથે અડીજતા ફરજો સૉર્ટ સર્કિટ થતા હોવાનું અનુમાન.... લોખડના પતરા વાળા ફરજામાં પંખો ( ફેન )સૉર્ટ સર્કિટ થતા ફરજો થયો સૉર્ટ સર્કિટ...

ફરજામાં મજૂરોને સૉર્ટ લાગતા એક વ્યક્તિ અને બે બાળકોનું ઘટના સ્થળે મોત... મોત થતા બગસરા સિવિલ હોસ્પિટલે ખસેડાયા પીએમ માટે... બગસરા પંથકમાં આઠ દિવસ અંદર બીજી દુર્ઘટના સર્જાતા બગસરા પંથકમાં અરેરાટી....

# કોરોનાના ભય વચ્ચે કાંકરિયા લેકફ્રન્ટ સરકારની ગાઈડલાઈન બાદ જ ખુલશે

અમદાવાદ,તા.૧૩

અમદાવાદ અને અમદાવાદ બહાર જાણીતુ બનેલું કાંકરીયા લેકફ્રંટ પરિસર છેલ્લા ૮૦ દિવસથી કોરોના સંક્રમણ અને લોકડાઉનને લઈને બંધ છે.આ પરિસરમાં ઝૂ,બાલવાટિકા,નોકટરનલ ઝૂ,નગીનાવાડી સહીતના જોવાલાયક સ્થળો પણ બંધ છે. ઝૂમાં બે હજારથી વધુ પ્રાણીઓ-પક્ષીઓ રાખવામાં આવેલા છે. જેમની સુરક્ષાને ધ્યાનમાં રાખી જયાં સુધી આસપાસમાં આવેલા કન્ટેઈન્મેન્ટ એરીયામાં કોરોનાનો કેસ નહીં નોંધાય એ પછી સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી અને રાજય સરકારની ગાઈડલાઈન મેળવ્યા બાદ જ ચાલુ કરવા અંગે કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવશે. ૮૦ દિવસમાં રૂપિયા અઢી કરોડની આવક અને પાંચ લાખથી વધુ મુલાકાતીઓ લેકફ્રંટ અને ઝૂ સહીતના યુનિટોને ગુમાવવા પડયા છે.

મળતી માહીતી પ્રમાણે,૨૩ માર્ચથી કાંકરીયા લેકફ્રંટ અને તેના પરીસરમાં આવેલા ઝૂ સહીતના તમામ જોવાલાયક સ્થળોમાં લોકોની એન્ટ્રી બંધ કરી દેવામાં આવી છે. પહેલી જુનથી અમદાવાદના વિવિધ ઝોન અને તેના વિસ્તારોમાં અનલોક-વન હેઠળ વ્યાપક મુકિત આપવામાં આવ્યા બાદ પણ હજુ સુધી કાંકરીયા લેકફ્રંટ પરિસરમાં જાહેર જનતા માટે દરવાજા બંધ રાખવામાં આવ્યા છે.૮૦ દિવસથી બંધ એવા લેકફ્રંટ પરીસર અને ઝૂ,બાલાવાટીકા,નગીનાવાડી વગેરે ફરી ખોલવામાં આવ્યા નથી. સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ, ઝૂમાં કુલ મળીને બે હજારથી વધુ પ્રાણીઓ અને પક્ષીઓ રાખવામાં આવેલા છે. આ તમામ અને તેની સાથે ફરજ બજાવી રહેલા સ્ટાફની સુરક્ષાને ધ્યાનમાં રાખી આ નિર્ણય કરાયો છે.

# મૂળ ગુજરાતીનું અમેરિકામાં કરૂણ મોત થતા પરિવાર શોકમાં ગરકાવ

આણંદ,તા.૧૩

કોરોના વાયરસની મહામારી હાલ વિશ્વના તમામ દેશોમાં કાળો કહેર વર્તાવી રહી છે. અમેરિકા સહિત કેટલાંયે દેશોમાં હજારો નહીં લાખોની સંખ્યામાં લોકો કોરોનાની બલિ ચઢી ચૂક્યા છે. અમેરિકામાં કોરોનાનો આંકડો લાખોમાં પહોંચ્યા છે, જેમાં અનેક ભારતીયો સહિત ગુજરાતીઓ કોરોનાના સંક્રમણના ભરડામાં આવ્યા છે. ત્યારે વધુ એક ગુજરાતીનું અમેરિકામાં કરૂણ મોત થતા પરિવાર ઉંડા શોકમાં ગરકાવ થઈ ચૂક્યો છે. આણંદના વાસણા ગામના યુવકનું અમેરિકામાં કોરોનાથી મોત થયું છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, અમેરિકામાં વધુ એક ગુજરાતીના મોતના સમાચાર મળી રહ્યા છે. આણંદના વાસણા ગામના યુવકનું અમેરિકામાં કોરોનાથી મોત થયું છે. આ કેસમાં જાણવા મળી રહ્યું છે કે આણંદના વાસણા ગામના યુવક વર્ષોથી અમેરિકા સ્થાયી થયો હતો. જે અચાનક કોરોના વાયરસના સંક્રમણમાં આવ્યો હતો, અને સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું છે. અમેરિકામાં યુવકના મોતના સમાચાર મળતા જ આણંદમાં રહેતા પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. અગાઉ પણ આણંદના અનેક લોકોના અમેરિકામાં કોરોનાથી મોતના સમાચાર મળી ચૂક્યા છે.

અગાઉ આણંદના અને છેલ્લા પાંચેક વર્ષથી પરિવાર સાથે અમેરિકામાં સ્થાયી થયેલા યુવકનું કોરોનાના કારણે પેન્સિલવીનીયામાં મૃત્યુ થયું હતું. યુવકને શ્વાસ લેવામાં મુશ્કેલી પડતા સારવાર અર્થે હોસ્પિટલ દાખલ કરાયા હતા. પરંતુ તેમનું મૃત્યુ થતા યુવકના મૃત્યુથી આણંદમાં રહેતા તેમના પરિવારમાં શોક માહોલ જોવા મળ્યો છે.

# ચાણસ્મા પંથકમાં પવન સાથે વરસાદ નું આગમન,ચાણસ્મા સામુહિક આરોગ્ય કેન્દ્રના કોટની દિવાલ ધરાસાઇ



પાટણ જીલ્લા ના ચાણસ્મા પંથકમાં આખા દિવસ બફારો થયા બાદ પાંચ વાગ્યા પછી વાતાવરણમાં પલટો આવતાં પવન સાથે વરસાદ નું આગમન થયું હતું. વરસાદ ના આગમન થી ગરમી ના બફારા થી હેરાન થતા લોકો એ રાહત અનુભવી હતી. જયારે વરસાદ ની શરૂઆત થી ખેડૂતોમાં પણ આનંદની લાગણી છવાઈ છે. ચાણસ્મા સામુહિક આરોગ્ય કેન્દ્રના કોટની દિવાલ પણ પડી ગઈ હતી.કોટ બનાવે આશરે બેથી ત્રણ વર્ષ થયા હોવાથી તેમાં ભ્રષ્ટાચાર થયો હોય તેવું લોકમુખે ચર્ચાઇ રહ્યું છે. ચાણસ્મા સહિત પંથક માં અડધો થી પોણો ઈંચ વરસાદ નોંધાયો હોવાનું ચાણસ્મા ખાતે ના ડિઝાસ્ટર વિભાગ દ્વારા જણાવાયું હતું.નિખિલ જોષી ચાણસ્મા



**ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના પ્રદેશ પ્રમુખ શ્રી અલ્પેશ ઠાકોર અને ઉપ પ્રમુખ ધવલસિંહ ઝાલા તેમજ પ્રદેશ પ્રવક્તા ચેતન ઠાકોર .. એ શહીદ મુકેશભાઈ ઠાકોર અને ભરતભાઈ ઠાકોર ના પરિવાર ની મુલાકાત લીધી અને તેમના પરિવાર ની આવા સમયે જ્યારે સ્વજનો પણ મુલાકાતે આવતા નથી ત્યારે આપણા સમાજ ના આગેવાન બંને પરિવારની દુ:ખમાં સહભાગી બન્યા અને તેમને સાંત્વના પાઠવી તેમના પરિવાર ની રજૂઆત સાંભળી અને અલ્પેશજી કીધુ કે સેલબી હોસ્પિટલ ની ગંભીર બેદરકારીના કારણે પરિવારના મોભી નું મૃત્યુ થયું, સેલ્બી હોસ્પિટલ પર કાર્યવાહી કરવી અને બંને પરિવારના વ્યક્તિને સરકારી નોકરી મળે તેવી સરકારશ્રીને ભલામણ કરશે...**

### સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# કોરોના સામે આરોગ્ય જળવાઈ રહે તે હેતુ થી આર્યુવેદીક ઉકાળાનું આયોજન કરવામાં આવ્યું




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આજ રોજ સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ જુનાડીસા દ્વારા હાલ માં ચાલી રહેલી વિશ્વ મહામારી કોરોના કોવિડ ૧૯ સામે રક્ષણ મેળવી આરોગ્ય જળવાઈ રહે અને ઈમ્યુનીટી પાવર સચવાઈ રહે એ હેતુસર જુનાડીસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જુનાડીસા માં આયુર્વેદિક ઉકાળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું.આ કાર્યક્રમ માં ડીસા ના નાયબ મામલતદાર દશરથસિહ ઝાલા સાહેબ ડીસા રુલર પી.આઇ ચૌધરી સાહેબ તથા ડીસા થી ડો.દેલવાડીયા સાહેબ તથા આરોગ્ય ટીમ અને જુનાડીસા પી.એચ.સી. ના ડોકટર તથા આરોગ્ય ટીમે હાજર રહી સંસ્થા ના કામને બિરદાવી આ આયુર્વેદિક ઉકાળા નો ૧૬૦૦ જેટલા લોકો એ લાભ લીધો હતો. અને આ મહામારી ના સમય માં ઉકાળા ના આયોજન બદલ લોકો એ સંસ્થા નો આભાર વ્યક્ત કર્યો ...આ કાર્યક્રમ માં સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ ગીતેશભાઈ જોષી,નવિનભાઈ મક્વાણા.જગશીભાઈ પુનડીયા ડો.રાકેશ પટેલ.જયેશભાઈ દેસાઈ.વિરમાભાઈ પુનડીયા.રમેશભાઈ ટેલર.દીનેશભાઈ.બી.દરજી હાજર રહ્યા હતા તથા સંસ્થા ના અન્ય સાથીદારો હાજર રહી આયુર્વેદિક ઉકાળા ના કેમ્પ ને સફળ બનાવ્યો હતો.આ સમગ્ર કાર્યક્રમ માં સરકારી ગાઇડલાઇન મુજબ શોસ્યલ ડીસ્ટંસ નું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું.

### હારીજ યૂ.જી.વિસી.એલ દ્વારા

# નાઆ બાવા શિવાનંદઆીરીના નામનો કેસ કરી મોટો દંડ ફટકારવામાં ભક્તોમાં ભારે નારાજઆી



હારીજ યૃ.જી.વિસી. એલ દ્વારા હનૃમાનજી મંદીરને ૬૮૧૭૫ નો દંડ.મળતી માહિતી મુજબ હારીજ તાલૃકાના વાઘેલ સિમવિસ્તારમાં આવેલા આતરીયા હનૃમાનજી મંદીરે ગેરકાયદેસર રીતે વિજ જોડાણ કરવા બાબતે હારીજ યૃ.જી વિસી. એલ ના.કા.ઇ. દ્વારા મંદીરમાં થોડા સમયથી રહેતાં નાઆ બાવા શિવાનંદઆીરી ના નામનો કેસ કરી મોટો દંડ ફટકારવામાં આવતાં ધર્મપ્રેમી ભક્તોમાં ભારે નારાજઆી સાથે યૃ.જી. વિસી.એલ.ના.કા.ઈ.ની કામઆીરી બાબતે અનેક તર્કવિતર્ક જોવા મળી રહ્યા છે ત્યારે વાઘેલ ગામના હનૃમાનજી મંદીરે આવતાં દર્શનાથી કનૃજી વાઘેલા એ જણાવ્યું હતું કે મંદીર માં સારા ભલા પ્રસંગે બાજુમાં આવેલ એસ કે ચિમની બ્રિક્સ ના મીટર કનેકસનમાં લાઇટ જોડાણ આપેલું હતું.

ગત તારીખ ૩૧/૫/૨૦૨૦ના રોજ મંદીરનૃ કનેકશન ડી પી માં જોડાણ કરવામાં આવ્યું હોવા બાબતે યૃ જી વિસી. એલ. ના. કાઇ . જૃનીયર એન્જીનીય વિઞેરે સ્ટાપ મંદીરે આવી એક દીવસ પહેલાં લઞાવેલ કનેકશન નું ૬૮૫૨૪ જેટલો દંડ ખોટી રીતે કરવામાંઆવ્યો હોવાનું જણાવ્યું હતું ત્યારે આ બાબતે મંદીરે રહેતા નાઆ બાવા શિવાનંદઆીરીજી એ દંડ બાબતેજણાવ્યું કે અમો ઉતરાખન્ડ વિસ્તાર ના છીયે લોક ડાઉન થતા અહીયા દોઠેક મહીનાથી રહીએ છીએ ગેરકાયદેસર લાઇટ બાબતે અમોને ખોટી રીતે દંડ આપવામાં આવ્યો છે આ બાબતે અમો કંઇ જણતા નથી કે અમોએ કનેકશન જોડાણ કરેલ નથી જાણવા મળતી માહિતી મુજબ આ મંદીર ની જમીન સર્વે નંબર ૧૭૫ વાળી જમીન સરકારી પડતર છે અને વાઘેલ સિમ વિસ્તારમાં આવેલી છે થોડા સમય થી રહેતા સાધૃ ને એકવર્ષ થી ગેરકાયદેસર વિજ જોડાણ નો દંડ યૃ.જી. વિસી એલદ્વારા કઇ રીતેઆપવામાં આવ્યો છે તે બાબત તે બાબતે અનેક તર્ક વિતર્કો જોવા મળી રહ્યા છે.

ત્યારે હારીજ યૃ.જી.વિ.દ્વારા સામન્ય ફેરફાર બાબતો ની ગ્રહકો ની અરજીઓમાં પણ ના. કા.ઇ.દ્વારા મનસ્વી રીતે મોટા એસટીમેન્ટો આપી મનમાની ચલાવતા હોવાની ફરિયાદો વિસ્તારમાં જોવા મળી રહી છે

# માણાવદરના કોઠારીયા ગામમાં કોરોના પોઝિટીવથી ખળભળાટ

(જીજ્ઞેશ પટેલ દ્વારા )

માણાવદરમાં અગાઉ ઈન્દ્રા ગામે વૃધ્ધાને ગત મહિનામાં પોઝિટીવ કોરોના કેસ હતો ત્યારે સુરતના ઉધનાથી આવેલ પંકજ ગામી ઉ.વ. ૫૦ રહે. કોઠારીયા વાળાને કોરોના પોઝિટીવ કેસ જાહેર થતા સમગ્ર ગ્રામ્ય વિસ્તાર માં ખળભળાટ મચી જવા પામ્યો છે

આ અંગે પી.એચ.સી.ના અધિકારી શિલ્પાબેન જાવિયા એ જણાવ્યું કે હા તેનો કોરોનાનો પોઝિટીવ રીપૉર્ટ હમણાં જ આવ્યો છે કોઠારીયા ગામને માઇક્રો કન્ટેઇનમેન્ટ એરીયા કરવામાં આવશે તથા ટ્રાવેલ હિસ્ટ્રી ની તપાસ હાથ ધરાય છે જાવિયા મેડમે તમામ નાગરિકો ને સરકારશ્રીની સુચના મુજબ રહેવા સલાહ આપી છે કોઇપણ નાગરિક બહાર થી આવ્યા હોય તેમને અચૂક જાણ પી.એચ.સી. ને કરવા જણાવ્યું છે

રીપૉર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.